

# અધ્યાત્મ

વર્ષ : ૧૩

અંક : ૭

એપ્રિલ–૧૯૯૨

## * અશાંતિનું કારણ *

સ્વર્ગીય સુવાસ આપનારાં આ પુષ્પોને જોઈને તને પ્યારા પ્રભુનું સ્મરણ નથી થતું?

શા માટે પુષ્પો સમાં સ્નેહીને છોડીને તું જંગલમાં જતો રહે છે ને પ્રભુને યાદ કરવાની યાતનામાં પડે છે?

ગુલાબી ગાલવાળાં આ બાળકોમાં તને ઈશ્વરનું દર્શન નથી થતું? પ્રેમાળ પત્નીમાં પણ તેના પ્રેમનું મહાબિંદુ નથી મળતું? શા માટે તેમને તરછોડીને તું જંગલમાં જાય છે ને ઈશ્વરના દર્શન માટે આક્રંદ કરે છે?

આ આકાશના તારા ને આ વાદળની માળા... એ સૌમાં તને શું માયાપતિની મધુરતાનું દર્શન નથી થતું?

શા માટે તું ગુફામાં બંધ થાય છે ને પ્રેમની પ્રાપ્તિ માટે પોકે પોકે રડીને તરફડે છે?

હે પ્રિય સાધક તેં બધું મેળવેલું છે, ફક્ત તને તેનું વિસ્મરણ થયું છે ને ઘેલછા લાગી છે, કેમ કે એવી એક પણ વસ્તુ બતાવી શકીશ, જે એનાથી અલગ હોય? ને એવું એક પણ સ્થાન બતાવીશ, જ્યાં એ ના હોય? ફક્ત તારું દર્શન અધૂરું છે, ને એથી જ તારા જીવનમાં ઘર્ષણ થયું છે, ઝેર જાગ્યું છે, ને અશાંતિએ ઘર કર્યું છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ.જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી.શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં.૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ.જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા.૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| માતૃદર્શનનો મહોત્સવ–૬ | શ્રી ગોરધનભાઇ કલોલા | ૧૨ |
| ઉપાસની મહારાજના પ્રેરક પ્રસંગો | સંતપ્રેમી | ૨૧ |
| સ્વામી શિવાનંદના જીવનના પ્રેરક પ્રસંગો | કનૈયાલાલ ઝિંઝુવાડીયા | ૨૪ |
| મનની જટાજાળ | રતિલાલ ભાવસાર | ૩૩ |
| કર ભલા હોગા ભલા | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૩૪ |
| મુક્તક | બળવંત ઓઝા (સફર) | ૩૫ |
| તું દીપ બનીને જલતો જા | ડો. અંબુભાઇ એસ. પટેલ | ૩૬ |
| આખરી અવસર કાજ | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૭ |
| વિદેશના પત્રો | — | ૩૮ |
| સંદેશાઓ–સંક્ષેપમાં | — | ૪૧ |
| પ. પૂ. શ્રી યોગેશ્વરજીના પુસ્તકોનું પ્રકાશન | — | ૪૯ |
| અંબાજી ખાતે શ્રી સર્વેશ્વરી કુટિરનું ઉદ્‌ઘાટન | — | ૫૧ |
| પાથેય | શ્રી ગોરધનભાઇ કલોલા | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનના અધિકારી *

દશાબ્દી વર્ષ નિમિત્તે, મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરન્ટો (કેનેડા) એ અધ્યાત્મ માસિકને ન કલ્પી શકાય એવી આર્થિક સહાય કરી છે. અગાઉની જેમ અધ્યાત્મના એપ્રિલ, '૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ આપવા અત્રે જાણ કરી છે. તે બદલ ત્યાંના ધ્યાનકેન્દ્રના સર્વે ભાઇ-બહેનો ખરે જ અભિનંદનનાં અધિકારી છે. અધ્યાત્મના તંત્રી તરીકે અમે–તથા સમગ્ર સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેઓનું આભારી છે.

નવેમ્બર, ૧૯૯૧ થી માર્ચ, ૧૯૯૨ સુધીના અગાઉના પાંચ માસનો ખર્ચ પણ તેઓએ આ પહેલાં આપેલ છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ એપ્રિલ–૧૯૯૨ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧–૧૨–૮૦, સોમવાર, સ્થળ : અમદાવાદ જવા વિદાય**

સવારે બરાબર નવ વાગ્યે પૂ. શ્રીનાં દ્વાર ઊઘડે છે. શ્રી જીતુભાઇ સપરિવાર દર્શન માટે પધારે છે. તે પહેલાં પૂ. શ્રી દૂધ લઇ લે છે. શ્રી કુંદનબેન પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** મહાત્માજી, આ કલ્પુને સોમવારનો ઉપવાસ કર્યો ત્યારથી સતત ત્રણ દિવસ સાપનાં જ સ્વપ્નાં આવે છે તો શું કરવું?

**પૂ. શ્રી :** કોણે કહ્યું, નાગનો દોષ છે? રસ્તે ચાલનારા ને કહેનારાં ઘણાં મળશે. વહેમ ન રાખો. પ્રભુનાં નામ જપો છો તો તેને કોઇ દોષ લાગતા નથી. હાથે કરીને ખસ ઉભી ન કરો. ખંજવાળીને ખસ કરો છો. મનમાં શંકા ન રાખો. આખો દિવસ



નાગના જ વિચારો કર્યા કરો છો, તો રાતે તે જ દેખાયને! પ્રભુને યાદ કરો.

આટલી વાતચીત બાદ માળા, ઘડિયાળ લઇ પૂ. શ્રી બહારના પલંગ પર આરામ સાથે જપ કરે છે. સાડા અગિયારે ભોજન લે છે. પૂ. શ્રીના પ્રેમીભક્ત શ્રી મૂળશંકરભાઇ મળવા આવે છે. તેમની સાથે ૧૫–૨૦ મિનિટ વાતો બાદ ૨.૩૦ સુધી આરામ કરે છે.

ત્રણ વાગ્યે અમદાવાદ આવવા વિદાય લે છે. સાડા પાંચે અમદાવાદ આવી જાય છે.

આજથી ભક્તિયોગ પરના પ્રવચનોની હારમાળા નવરંગ-પુરામાં શરૂ થાય છે.

પોણા આઠ વાગ્યે પ્રવચન શરૂ થાય છે. આજના પ્રવચનમાં ભક્તિની વ્યાખ્યા, ભક્તના બાહ્ય ભક્તિસૂચક ચિહ્નોની વાતો કરી. માતાજીની ટૂંકમાં વાતો કરી. પ્રેમરૂપાનંદના પ્રસંગનું વર્ણન કરે છે. પ્રવચન બાદ રાત્રે ૯.૩૦ ઘરે આવી ગયા. બાદમાં કણકી દૂધનું ભોજન લઇ આરામ.

**તા. ૨–૧૨–૮૦, મંગળવાર, સ્થળ : 'પ્રયાગ',**
**૨, નરસિંહનગર સોસા., નારણપુરા, અમદાવાદ**

સવારે નિયમ પ્રમાણે માળા વગેરે થાય છે. ગઇકાલના પ્રથમ પ્રવચનનો થાક ખાસ જણાયો નથી. પૂ. શ્રી કહે છે : "હવે આપણે ખૂબ નિયમિત બની લેખન, પ્રાર્થના વગેરેમાં વધારે ને વધારે સમય આપવો જરૂરી છે. માતાજીના પ્રસંગ પછી લોકોને હળવા મળવાનું ખાસ ગમતું નથી. માળામાં ઘણો સમય જાય છે. તો થોડા જપ બપોરે ને રાત્રે પણ કરીએ તો સવારે લેખન વગેરેમાં સમય આપી શકીએ.

અમદાવાદના અમારા આ નિવાસમાં નવ વાગ્યે દૂધ બહાર મૂકી દેવામાં આવે છે, જે અમે લઇ લઇએ છીએ.

આજે સવારે પૂ. શ્રી બાથરૂમમાંથી બહાર આવી સર્વેશ્વરીને કહેવા લાગ્યા : "બાથરૂમમાં ઉપરની પાળ પર કીડીઓનો ઢગલો થયો છે. ત્યાં સાકરની નાની ટૂકડી પડી છે. જે મેં ખસેડીને પાણી જવાના માર્ગમાં મૂકી દીધી. તેથી કીડીઓ થોડી આમતેમ થઇ ગઇ. મને થયું કે સાકરની આ ટુકડીમાં કીડીઓને કેટલું બધું સુખ મળતું હશે? તો આપણે આજસુધી કોઇના સુખને છીનવ્યું નથી તો કીડીઓના સુખને પણ શા માટે છીનવી લઇએ—એમ વિચારી મેં ફરી સાકરની ટૂકડી કીડીના સમૂહ પાસે મૂકી દીધી."

આ સાંભળી મને ખૂબ આનંદ થયો. (સર્વેશ્વરીને) મહાપુરુષોની માનવતા નાનકડા જીવો પ્રત્યે પણ કેવી નિરંતર વહ્યા કરે છે, તેની જાણ થઇ.

નવ વાગ્યે દૂધ લીધા બાદ માળા કરી ત્યારબાદ ૧૧ વાગ્યે રૂમ ખોલવામાં આવ્યો. અમારા યજમાનની બંને છોકરીઓ સફાઇ માટે ઉપર આવી ગઇ. પૂ. શ્રી તેમને મંત્રજાપ કરો છો? કેટલી માળા કરી વગેરે પૂછે છે. બંને બહેનો કહે છે ગણ્યા વિના કરું છું. પાંચ માળા કરું છું.

**પૂ. શ્રી :** એ રીતે ન ચાલે. ગણ્યા વિના કરો છો ને એક બેન પાંચ જ માળા કરે તો શું વળે? નક્કર પરિણામ મેળવવું હોય, જીવનનું કલ્યાણ કરવું હોય તો રોજની ૧૦૦ માળા તો કરો જ. પછી કોઇ ફરિયાદ જ ન રહે.

થોડીવાર બાદ યજમાનના પત્ની આવે છે. તેને પૂ. શ્રી પૂછે



છે. માળા કરો છો? મેં મંત્ર આપ્યો તે જપો છો કે પછી એમ જ લીધો છે?

**યજમાન પત્ની :** ખૂબ અનિયમિત જપું છું.

**પૂ. શ્રી :** ભોજન લો છોને દરરોજ બે વાર?

**યજમાન :** હા એ તો રોજ લઇએ જ ને.

**પૂ. શ્રી :** તો પછી, આટલું બધું નિયમિત ભોજન, પણ ભગવાનનું બધું અનિયમિત જેટલું ભોજન નિયમિત એટલી જ માળા પણ નિયમિત કરો.

**પૂ. શ્રી :** (યજમાનપુત્રને) માળા કેટલી કરો છો?

**પુત્ર :** કાલથી વધારીશ.

**પૂ. શ્રી :** હા, જુઓ નોકરીમાં ઓવરટાઇમ કરો તો તરત પૈસા મળે છે, તો અહીંપણ જેટલી વધારે માળા તેટલી જ વધારે શાંતિ મળશે.

આજે સાડા અગિયારે વડોદરાના જીતુભાઇ તથા તેમના મિત્ર ને મિત્રપત્ની પણ પૂ. શ્રીને મળવા આવ્યાં છે. સૌની વિદાય પછી પૂ. શ્રી ભોજન લઇ આરામ કરે છે.

સાંજે બરાબર સાત વાગ્યે પ્રવચનસ્થળ પર જવાય, જેથી પૂ. શ્રી ૬.૩૦ વાગ્યે રૂમમાંથી બહાર નીકળી પગથિયાં ઉતરીને નીચે આવી જાય છે. સમયપાલનના ચૂસ્ત આગ્રહી છે જેથી દરેક કાર્યો સમયસર થવાં જરૂરી છે એમ પૂ. શ્રી માને છે.

ભક્તિયોગ પરના બીજા દિવસના પ્રવચનમાં પૂ. શ્રીએ કહ્યું ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ અને ઈશ્વર માટે પરમપ્રેમ પ્રગટવો એ ભક્તિમાર્ગની મુખ્ય જરૂરિયાત છે. આપણા શરીરનો, હૃદયનો,

મનનો, વાણીનો જે ગોળો છે એમાં પ્રકાશ પ્રદાન કરનાર શક્તિનાં જ દર્શન એ જીવનનું ધ્યેય હોવું જોઇએ. વગેરે.

એક કલાક સુધી સતત વાણીનો પ્રવાહ ચાલ્યા જ કરે છે. આજે દક્ષિણેશ્વરમાં શ્રી રામકૃષ્ણદેવના સ્મૃતિખંડમાં જે અનુભવ પૂ. શ્રીને થયો તે પણ કહ્યો.

પ્રવચન બાદ ઘરે આવી ખીચડી, શાક, દૂધનું હળવું ભોજન લઇ આરામ કર્યો. હરિઃ ૐ

**તા. ૩-૧૨-૮૦, બુધવાર, સ્થળ : 'પ્રયાગ',**
**૨, નરસિંહનગર સોસા., નારણપુરા, અમદાવાદ**

આજે પૂ. શ્રી ચારથી છ સવારે જ પોતાની માળા કરી લે છે. નિયમિત વ્યાયામ, સ્નાન બાદ દૂધ લઇ લે છે. આજે લેખનકાર્ય શરૂ કરીને નિયમ પ્રમાણે ૧૧.૨૦ દ્વાર ખૂલે છે. શ્રી નંદુભાઇ સપરિવાર પ્રણામ માટે ઉપર આવે છે.

સંતોની વાતો ચાલી રહી છે. પૂ. શ્રી કહે છે : સંતોની જાણકારી રાખનાર ટીકા કરનાર પણ સંતોના ગુપ્ત પ્રેમી છે.

બપોરે અગિયારસનું ફળાહાર પૂ. શ્રી લે છે. આરામબાદ સાંજની પ્રાર્થના પૂ. શ્રી નિયમિત રીતે કરી લે છે. પાંચ વાગ્યે પૂ. શ્રીના બેન આવે છે. યાત્રાની વાતો થાય છે. માતાજીના સ્મરણાર્થે પોતાના વતન સરોડામાં શાળાનો ઓરડો અને મંદિરના જીર્ણોદ્ધારમાં કંઇક રકમ આપવી એવી વાતો વિચારાય છે.

સાત વાગ્યે પ્રવચન શરૂ થાય છે. આજે પૂ. શ્રી ભક્તના જીવનની ચર્ચા કરે છે, કહે છે : "ભક્ત ચરાચરમાં પ્રભુને જ જુએ છે. પોતાને પ્રભુરૂપે પૃથ્વી ઉપર સૌ પ્રથમ જો કોઇ જોવા



મળ્યું હોય તો તે 'મા' જ છે, મા જેટલો પ્રેમ, લાગણી, સંભાળ, ક્ષણિક દર્શન આપનાર ભગવાન પણ ન બતાવી શકે. એ જ ભગવાનનું આ રૂપ છે. ઘરમાં જ હરતી ફરતી મહાકાલી છે. તેની સેવા કરો."

સર્વ ઇચ્છાઓનો નાશ તો તે આત્મા ઘણો ઊંચો ગણાય. ગોપી જેવો પ્રબળ પ્રેમ જાગવો જોઇએ. જીવનમાં સૂક્ષ્મ અહંકારને ઓગાળવા પ્રભુ પ્રયત્ન કરે જ છે. જેથી જીવનું કલ્યાણ થાય છે.

પ્રવચનબાદ ઘરે આવી દૂધ વિ. લઇ આરામ.

**તા. ૪-૧૨-૮૦, ગુરુવાર, સ્થળ : 'પ્રયાગ',**
**૨, નરસિંહનગર સોસા., નારણપુરા, અમદાવાદ**

આજે પૂ. શ્રી ૪ થી ૬ જપ કરી લે છે. પોતાના નિયમિત વ્યાયામના ક્રમબાદ સ્નાન કર્યા પછી કેસરીજીવન, મકરધ્વજવટી વગેરે લઇ દૂધ લઇ લે છે. લેખનકાર્ય શરૂ કરે છે. આજકાલ પૂ. શ્રી માતાજીના પ્રસંગો વિશે લેખનકાર્ય કરે છે. લેખનકાર્ય બાદ સાંઇબાબાની સ્તુતિ આજે બોલવામાં આવે છે.

બરાબર અગિયારને વીસ મિનિટે દ્વાર ઉઘડી જાય છે. નિયમિત આવનારા પૈકી ઘરનાં સૌ સભ્યો, શ્રી બાબુભાઇ વગેરે આવી જાય છે. આજે વલસાડ કોલેજના પ્રોફેસર પણ પૂ. શ્રીને મળવા આવે છે. વળી આજે પૂ. શ્રી એક ખાદીની ધોતી મંગાવે છે, જે લઇને રમણિકભાઇ આવે છે. પૂ. શ્રી એ સૌ સાથે ભોજનબાદ વાતો કરે છે. પછી વિશ્રામ કરે છે.

સાંજના પ્રવચનમાં વિભીષણ દરેક પ્રકારની ભીષણતા, ભયમાંથી મુક્તિની વાતો, વળી ભક્ત નિશ્ચિત ને નિર્ભય બની

જાય છે, જેનું શરણું જ પ્રભુનું તેને સમાજનો, પદનો, પ્રતિષ્ઠાનો, ખોટું કરી રહ્યો છું એવો ભય જ નથી, કારણ તેનો પથ સત્ય તરફનો છે, તોતાપુરીની, પ્રભુપાદસ્વામીની વાતો અને પ્રભુના દર્શનનાં બે પ્રકાર એક ધ્યાનમાં ને બીજું ખુલ્લી આંખે થતાં દર્શનની વાતો કરે છે. દર્શન એ મનની કલ્પના ને મનના સર્જનની ભ્રમણા છે એ માન્યતા ઉપર પૂ. શ્રી પોતાની વિશિષ્ટ શૈલીમાં ચર્ચા કરે છે. પ્રવચન બાદ આરામ. હરિઃ ૐ

**તા. ૫-૧૨-૮૦, શુક્રવાર**

**સ્થળ : 'પ્રયાગ', નારણપુરા, અમદાવાદ**

નવ વાગ્યે દૂધ પીધા પહેલાં નિત્યક્રમ પૂર્ણ બને છે. સાડા અગિયારે દ્વાર ખૂલે છે. આજે શ્રી અશ્વિનભાઇ પટેલ (જેઓએ પ્રીતમદાસનું ભાગવતનું સંપાદન કર્યું છે તે) પધારે છે. પૂ. શ્રીને પુસ્તક ભેટ આપે છે. સાહિત્યની થોડી વાતો થાય છે. બાર વાગ્યે ભોજન બાદ ખાસ વિશેષ નોંધપાત્ર વાતો થતી નથી. સાંજે ૬.૦૦ વાગ્યે પદ્માબેન આવે છે એઓ જગદંબાના ઉપાસક છે. તેઓ પોતાની જગદંબાની જે પૂજા છે તેને ડોશી કહે છે એ અંગે પૂ. શ્રી કહે છે :

"જગદંબાને ડોશી કહો તે યોગ્ય નથી. તમને જ કોઇ ડોશી કહે તો ગમે? 'મા' કહો, મા શબ્દમાં કેટલો બધો ભાવ છે."

**શ્રી પદ્માબેન :** "હું તો ડોશી વહાલભર્યું સંબોધન કરું છું, પણ હવે નહિ કરું. પરંતુ 'મા' બોલતા મારી આંખમાં આંસુ જ આવી જાય છે તો શું કરું?"

ત્યારબાદ ભોજનમાં મરચાંના ઉપયોગની ચર્ચા આવતી-કાલના ભોજનના અનુસંધાનમાં ચલાવે છે.



**પદ્માબેન :** દૂધ-ફળ પર રહેનારા સાત્ત્વિક બને છે?

**પૂ. શ્રી :** અરે! દૂધ પર રહેનારા પણ ઘણીવાર ખૂબ ખૂબ વાસનાવાળા ને ક્રોધી જોવા મળે છે. મુખ્યવાત તો મન છે. મન સાત્ત્વિક કરવાનું છે. ખોરાક જરૂર થોડી અસર કરે છે, ખરો.

સાત વાગ્યે પ્રવચનમાં જવા માટે અહીંથી પોણા સાતે નીકળી જવાનું બન્યું. સાત વાગ્યે પ્રવચન શરૂ થયું.

ભક્તિયોગની આજે ચર્ચા કરતાં પૂ. શ્રીએ ભગવાનનું દર્શન થઇ શકે છે અને દર્શનના છ પ્રકાર બતાવ્યા.

(૧) રૂમમાં પ્રકાશમાંથી પ્રગટે ને વિલિન થાય,

(૨) પ્રગટે ને આપણને સંદેશો આપે.

(૩) પ્રગટે, તેમ જ સાધકને ઈશ્વર વાતો કરી શકે,

(૪) તે ઈશ્વર સાથે સંસ્પર્શ થાય,

(૫) ઈશ્વર આપણને વરદાન આપે,

(૬) ઈશ્વરનું સતત ચોવીસ કલાકનું અનુસંધાન થાય.

આજે પોતાને મળેલા વરદાનની, કાકભુશંડીજીને મળેલા વરદાનની વાતો થઇ. વળી ગાંધીજી મહાન ભક્ત હતા, સ્ત્રીઓની વચ્ચે રહ્યા, ફર્યા મોહમાયા છતાંય ન લાગી. નિર્ભય, ખૂની પાસે પહોંચી ગયા વગેરે વાતો કરી. ઈશ્વરની ઇચ્છા વિના કોઇ કોઇને મારી કે બચાવી શકતું નથી. પોતાની માંદગીમાંથી ઈશ્વરની ઇચ્છાથી બેઠું થવાયું તે વાતો કરી.

આખુંય પ્રવચન સરસ હતું. પ્રવચન બાદ કણકી ને દૂધનો નાસ્તો કર્યો. ત્યારબાદ આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

# માતૃદર્શનનો મહોત્સવ–૬

ગોરધનભાઈ કલોલા

માતૃદર્શનની માધુરીનો આવો મહોત્સવ માણતા તો કોનું અંતર ધરાય? અમૃતના ઓડકાર શાને? માતૃસ્નેહનું આ સામ્રાજ્ય આ કલિકાળમાં રામરાજ્યનું કલ્પવૃક્ષ શા શુખશાંતિને સાકાર કરે છે, એમાં ક્યાં શંકાને સ્થાન છે! ખરેખર રામરાજ્ય આ પૃથ્વીપર પ્રકટયું હશે ખરું? રામરાજ્યની એ દિવ્ય પરમશાંતિનો અનુભવ લોકોએ માણ્યો હશે ખરો? આજે જ્યારે પૂ. માના પ્રત્યક્ષ સાન્નિધ્યમાં રહેવાના અવસરે અંતરમાં જ પરમસુખનો અનુભવ થાય છે ત્યારે એ રામરાજ્યના એ પરમાનંદની કલ્પના સત્યથી વેગળી હોય તેમ માની શકાય તેમ નથી. પ્રેમનું આ સામ્રાજ્ય ખરેખર કોઈ પરિકલ્પના નથી. એ પ્રેમગંગાને પૃથ્વીપર અવતરણ કરીને લોકોના અંતર સુધી વહેવડાવી શકાય તે હકીકત છે.

આજે પણ એવા એક રામરાજ્યનો, માતૃપ્રેમના સામ્રાજ્યનો ઉદય થયો છે. જેઓ એ પ્રેમનગરના વાસી થયા છે તેઓ એ અલૌકિક આનંદનો અનુભવ કરતાં થયા છે. એ દિવ્યસુખનું સેવન કરનારાઓના અંતરે આનંદના કેવા ઓઘ ઉછળે છે તે તો તમે એ પ્રેમનગરના વાસીને પૂછો ત્યારે ખબર પડે અથવા તમે સ્વયં જ્યારે એ પ્રેમનગરમાં પ્રવેશીને મુકામ કરો ત્યારે સમજાય! આ રામાયણના ગાનના અવસરની અનુભૂતિ જેમણે માણી છે. તેઓનાં અંતર આ અદ્ભુત આનંદની સાક્ષી પૂરે છે. શ્રદ્ધાનું શ્રીફળ અને પ્રેમનું નાણું લઈને જેઓએ આ માતૃમંદિરે આ



રામાયણના સુધારસનું પાન કર્યું છે તેઓ હવે ફક્ત આ સાત દિવસના સુધાસ્વાદને માણીને બેસી રહેવાને બદલે એ અક્ષય-સુખની વાટે વિહરવા એ માતૃસથવારે ચાલી નીકળ્યા છે. બસ હવે તો,

તમે મંગલ મંદિર મારું,
તમે તીર્થ સનાતન ન્યારું,
તમે પરમચંદ્રિકા પ્રત્યક્ષ ખરે,
અંધારે અજવાળું.
તમે દીપજ્યોતિ, પુષ્પોનું સુંદર
ઉપવન શાશ્વત પ્યારું,
તમે મંગલ મંદિર મારું.

પ્રેમરૂપી કલા અને કરુણારૂપી શિલ્પથી મઢેલું, વાત્સલ્યથી શોભતું અને સ્નેહથી શણગારાએલું આ પ્રત્યક્ષ હાલતું, ચાલતું માતૃમંદિર છે. એ જીવંત મંદિરના જે પૂજારી બની ગયા, તેઓની પૂજા સ્વીકારાઈ ગઈ, જેમણે પોતાનું જીવનપુષ્પ એ શ્રી ચરણોમાં સમર્પિત કરી દીધું તેઓ સુગંધિત બની ગયા. જેઓએ પોતાના જીવનનૈવેદ્યનો અર્ધ્ય અર્પ્યો, તેઓ એ કૃપાપ્રસાદથી ન્યાલ થઈ ગયા અને જેઓ દર્શને પહોંચ્યાં તેઓનું જીવન દૈન્ય ફેડાઈ ગયું!

આ પુણ્ય અવસર પાછો ક્યારે આવે, ચાલોને લ્હાવો લઈ લઈએ. જુઓ, મા પધાર્યાં. જાણે ઉજ્જ્વળ, ચારુ પરમચંદ્રિકા! એ અમીનજર! પ્રેમથી ઘૂંટેલી, કરુણામાં ઝબોળેલી! મા પધારે એટલે એ દર્શનથી અંતર પરમતૃપ્તિથી છલકી ઉઠે, અમૃતથી આસ્વાદી ઉઠે!

બસ, આ દર્શનની વેળા ન ચૂકીએ, જાગીને પામી લઈએ.

જાગે તેજ પરમપદ પામે,
હરખ પછી ન સમાય;
પાગલ સોનેરી અવસરના,
વારંવાર પમાય.

દરરોજ પ્રભાતે પુષ્પોથી મઢેલી આ પંચવટીમાં શંખધ્વનિના મંગલમય વાતાવરણ વચ્ચે પૂ. મા પધારે, વ્યાસપીઠપર બીરાજે અને ભાવિકોના ભાવપુષ્પને સ્વીકારી, ગુરુદેવપ્રભુની ધૂનમાં મસ્ત બને. એ દૈનિક દર્શનના દૈવી લાભને પામતાં પામતાં તો ધન્યતાનો કોઇ પાર ન રહે. વિશુદ્ધ આરોગ્યના શીલ્પથી શોભિત અને નમ્રતાની નમણી કક્ષાથી વિભૂષિત પૂ. મા એવાં તો સુવાસ જેવા સહજ અને રજકણ જેવા નમ્ર લાગે કે એ માતૃપદના મહિમાને શેષને શારદા પણ શું ગાય?

રઘુનાથગાથાનું ગૌરવગાન પૂ. મા અત્યારે ગાઇ રહ્યાં છે. ભગવાન રામ સમુદ્રકિનારે રામેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી રહ્યાં છે. તે પ્રસંગને સમજાવતાં પૂ. મા કહે, "ભગવાનના જુદાં જુદાં સ્વરૂપો વચ્ચે કોઇ ભેદ નથી. બધાંજ સ્વરૂપો સરખાં અને સમર્થ છે. કોઇ નાનું મોટું નથી. તેવી જ રીતે સંતોમાં પણ કોઇ ભેદભાવ નથી. આપણે જે સદ્‌ગુરુને માનતા હોઇએ તેજ મહાન અને બીજા નાના એવી માન્યતા આપણો વિકાસ નહિ થવા દે. પ્રેમ અને શ્રદ્ધાથી ભરેલી ભક્તિ પ્રભુના કોઇપણ સ્વરૂપને પ્રસન્ન કરી શકે છે. સ્વરૂપ ગમે તે હોય પણ આરાધનામાં કચાશ ન રાખો."

પૂ. માને જ્યારે કોઇ વાત ભારપૂર્વક કહેવી હોય ત્યારે જમણા વરદહસ્તની તર્જનીથી જેમ લાઠીથી પ્રહાર કરે તેમ પ્રહાર કરતાં



કહે "શા માટે પારાયણમાં બેઠા છો? સારું સારું ખાવાનું મળે છે એટલે? પેંડા અને આઇસ્ક્રીમના પ્રસાદનો વરસાદ થાય છે એટલે? અહીં મફતમાં લહેરપાણીને લાડવા છે એટલે? જો મનમાં આવું હોય તો અત્યારથીજ વિદાય થઇ જજો, આ તો જીવન વિશુદ્ધિનો યજ્ઞ છે. આપણી અંદર ભરાયેલા શત્રુઓને ભગાડવા રાતદિવસ યુદ્ધ કરવાનું છે. આપણી અંદર જ રાવણ ભરાઇને બેઠો છે, તે કેમેય કરીને બહાર આવતો નથી. વિષયરસ એ રાવણ છે. આ પારાયણનો પ્રસંગ એટલા માટે જ છે કે આપણો સત્સંગરસ વધે તો વિષયરસ ઓછો થાય. અમે તો જીવની ચોટલી પકડીએ છીએ તોપણ ચોટલી છોડાવીને જીવ ભાગવાનો પ્રયત્ન કરે છે. છતાં અમે થાકતાં નથી. જીવના જીવનરૂપી વસ્ત્રોને સત્સંગના પાણીથી ધોયા કરીએ છીએ અને એક દિવસ એ વસ્ત્રને ડાઘડૂઘ વિનાનું કરીને જંપીએ છીએ.

આ રામાયણના પરિશ્રમને જોઇએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે જીવના કલ્યાણ માટે પૂ. મા કેટલો ભોગ આપી રહ્યા છે! પૂ. મા ઘેર રહીને એકાંતિક સાધના કરી શક્યાં હોત! પ્રભુએ બધીજ સુખ સગવડતા આપી હતી. ભાવથી ભર્યુંભર્યું કુટુંબ અને સમૃદ્ધિથી છલકાતું વાતાવરણ! પણ પલકવારમાં એ બધું છોડી દીધું! અહીં જ પૂ. માની સાચી ઓળખ છે. પૂ. મા કોઇ સાધક, આરાધક કે સંત નથી, શિવ છે. એટલે शिवास्ते पन्थाः। કલ્યાણમાર્ગના પ્રહરી બની જીવોને દોરી રહ્યાં છે.

આખરે રાવણ પડયો, કયા સ્થળ હર્ષનાદોથી ગૂંજી ઊઠયું. શ્રોતાઓમાં હર્ષ અને ઉલ્લાસનું મોજું ફરી વળ્યું. પૂ. મા કહે "આપણે પણ વિજયને વરવાનું છે, એટલા માટે તો આ

આઠઆઠ દિવસથી લડી રહ્યા છીએ અને જીવનસંગ્રામ જીતાય નહિ ત્યાં સુધી સતત લડતા જ રહેવાનું છે. જે કથામાં પ્રારંભે રામ, મધ્યે રામ અને અંતે પણ રામ હોય તેજ કથા મુક્તિ આપે છે. આપણી આ રામકથા જીવના કલ્યાણ માટે છે. પૈસા માટે નહિ. આ કથા નિમિત્તે જીવનમાં આજથી સારા સંકલ્પો કરજો. વ્રત, નિયમોના બાણથી રાક્ષસોને નાથજો." ભાવનગરના નલિનીબેનના કલ્યાણકારી સંકલ્પની વાત કરતા પૂ. મા કહે "નલિનીબેને મને પત્રમાં જણાવ્યું છે કે મારા આ જન્મદિવસથી દરરોજ ૧૨૫ દંડવત્ પ્રણામ અને ૧૦૦ માળાનો નિયમ લીધો છે તો આશીર્વાદ આપજો, અમે આવા નિયમને તો આંખો મીંચીને આશીર્વાદ આપી દઈએ, તમે પણ સૌ કોઇને કોઇ, નિયમ લેજો, શુભ સંકલ્પ કરજો, જેથી રામાયણ પારાયણ સાર્થક થાય."

આપણે હવે પારાયણની પૂર્ણાહૂતિ તરફ આગળ વધી રહ્યા છીએ. આવા સુંદર સત્સંગ સમાહની સમાપ્તિ કરવાની તો કોને ઇચ્છા થાય? ગોવિંદના ગુણ ગાવાનો આવો અવસર તો ફરી ક્યારે આવે? "નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે." આમ નરસિંહ મહેતાની જેમ આપણે પણ અખંડ આનંદની આવી ધન્યતા અનુભવીએ તો આ રામાયણના ગાનની સાર્થકતા ગણાશે.

પૂ. માને 'પૂર્ણાહૂતિ' શબ્દ બહુ ગમે નહિ. તેઓ વારંવાર કહે કે સત્કાર્યની ક્યારેય પૂર્ણાહૂતિ કરવી નહિ. એક યા બીજા બહાને સત્કાર્ય ચાલુ રાખવું તેમ છતાં આજે આ રામાયણ પારાયણનું સત્કાર્ય નિર્વિઘ્ને સંપન્ન થયું તેનો પૂ. માને ખૂબ જ આનંદ છે. શ્રદ્ધાભક્તિભર્યા આ શુભકાર્યે અનેકના જીવનમાં પ્રભુપ્રેમનું પ્રભાત પ્રકટાવ્યું છે એમાં કોઇ શંકા નથી.



પૂ. મા જ્યારે જ્યારે આવા સત્સંગના સત્કાર્યોનું આયોજન કરે છે ત્યારે ત્યારે પૂ. માની કૃપા થકી ત્યાં રિદ્ધિસિદ્ધિ સહજ પ્રકટી રહે છે. કોઇ જાતના પૂર્વ આયોજન કે પૂર્વ તૈયારી વિના એનો એક નિર્ણય થતાં ફક્ત બે દિવસની તૈયારીમાં આઠ દિવસનો ભવ્ય કાર્યક્રમ જે રીતે ઉજવાયો તે જોતાં એમ લાગે આતો મહિનાઓની પૂર્વતૈયારી વિના શક્ય બને નહિ. રિદ્ધિસિદ્ધિ જાણે પૂ. માના નિર્ણયની રાહ જોતી હોય તેમ લાગ્યું! જેવો નિર્ણય થયો કે સુશોભિત કથામંડપ, આરામદાયક સગવડતાભર્યો ઉતારાની સગવડ, અવનવી વાનગીઓથી સંપન્ન રસાળ ભોજનની વ્યવસ્થા સહજ ગોઠવાઇ ગઇ! ભરતભાઇ જેવા શ્રદ્ધાભક્તિ સંપન્ન યુવાનના રૂપમાં જાણે રિદ્ધિસિદ્ધિદેવી પ્રત્યક્ષ પ્રકટી રહ્યા. રિદ્ધિસિદ્ધિ દેવીએ એ યુવાન ખભા પર ભાર મૂકીને એક માંગલિક પ્રસંગને જે ભવ્ય રીતે ઉજવ્યો તે થકી એ ધીરજ લાગતા પ્રાંગણમાં શ્રદ્ધાભક્તિની ગંગા એક સમાહ સુધી પ્રત્યક્ષ બની ગઇ! અનેક જીવોએ એમાં સ્નાન કરી કૃપાર્થતા અનુભવી!

આ રિદ્ધિસિદ્ધિ સંપન્ન સત્કાર્યનું સમાપન પણ સરસ સોહી રહ્યું! ભારતીબેનના શુભ સંકલ્પને પૂ. માએ પુષ્ટિ આપી અને નવચંડી યજ્ઞનું આયોજન પારાયણના અંતે પુણ્યશાળી વાતાવરણને પ્રકટાવી ગયું! આ નવચંડી યજ્ઞનું સંચાલન શ્રી વિજયભાઇ પંડિતે એવી તો ભાવવિભોર વાણીથી, શ્રદ્ધાભક્તિ સંપન્ન દિલથી કર્યું કે એ યજ્ઞ ફક્ત વિધિવિધાન કે કર્મકાંડ ન રહેતાં યજ્ઞદેવ પૂ. માના રૂપમાં જાણે પ્રત્યક્ષ ત્યાં પ્રકટી રહ્યા! શ્રી પંડિતજીની શ્રદ્ધાભરી વાણી તો જુઓ! તેઓ કહે "વિશ્વમાં આ સૌ પ્રથમ યજ્ઞ છે કે જેમાં સાક્ષાત્ મા ભગવતી પ્રકટ સ્વરૂપે

આપણી સમક્ષ બિરાજી રહ્યાં છે, આપણે યજ્ઞમાં જે મંગલવિધિ કરવાના છીએ તે મા ભગવતીને સાક્ષાત અર્પણ કરવાની છે. અહીં કોઇ અદૃશ્ય દેવદેવીને આહ્‌વાન કરીને તેમની પ્રસન્નતા માટે આ યજ્ઞકાર્ય આપણે કરતા નથી. મા ચંડી સ્વયં તેમનો યજ્ઞભાગ સ્વીકારવા અહીં પૂ. માના સ્વરૂપમાં પ્રકટ છે, માટે અહીં એકઠા થયેલા યાજ્ઞિકો, સાધકો, બ્રહ્મવિદો જે જે શુભ સંકલ્પ, કરશે, તે ફળીભૂત થશે એમાં કોઇ શંકાને સ્થાન નથી.

આ યજ્ઞનું વાતાવરણ પ્રાચીન ભારતીય પરંપરાના યજ્ઞશાળાના વાતાવરણને જીવંત કરે છે. બ્રહ્મવિદો સંસ્કૃત શ્લોકોના ગાનથી પરમાત્માનું જયગાન કરી રહ્યા છે, યજ્ઞકુંડ અને યજ્ઞમાટેની સમિધાથી યજ્ઞમંડપ શોભી રહ્યો છે. ધોતીના પવિત્ર પોશાકમાં યાજ્ઞિકો મંગલ વિધિ કરી રહ્યા છે, પૂ. માને આવું મંગલમય પવિત્ર યજ્ઞનું વાતાવરણ ખૂબ ગમે કે જેમાં દર્શનમાત્રથી મનમાં પવિત્ર ભાવો જાગે. આ વિધિઓ બીજું કંઇ નહિ પણ પ્રભુ સાથેની પ્રત્યક્ષ વાતો છે એવા ભાવથી શ્રી પંડિતજી યજ્ઞવિધિઓ કરી રહ્યા છે.

પૂ. માની વિનમ્રતા તો જુઓ! પૂ. મા યજ્ઞમંડપમાં આવી સૌને નીચા નમીને પ્રણામ કરી રહ્યાં છે. પૂ. માને આપણે ગમે તેવું બિરૂદ આપીએ, પ્રત્યક્ષ મા ભગવતી માનીએ છતાં પૂ. મા તો પોતાની જાતને એક સાધકથી વિશેષ ગણે નહિ. અમે કંઇક વિશેષ છીએ એવું તેમના વર્તનમાં ક્યાંય દેખાઇ નહિ. અને એટલે જ અહીં આપણે પૂ. માને સૌને પ્રણામ કરતા જોઇએ છીએ.

યજ્ઞની શરૂઆતમાં સૌ યાજ્ઞિકો પૂ. માનું ભાવપૂર્વક પૂજન કરીને, કુમકુમ અક્ષતથી વધાવે છે, લાલ લલાટથી શોભતાં પૂ. મા



ખૂબ જ સુંદર લાગી રહ્યાં છે, યજ્ઞમાં ભાગ લેતા બહેનોને યજ્ઞમંડપમાં ફરતાં ફરતાં સ્વહસ્તે ફૂલની વેણીનો પ્રસાદ આપી રહ્યાં છે. બસ, પ્રભાતનું આ યજ્ઞમય પવિત્ર વાતાવરણ અને પૂ. માનાં પાવન દર્શનથી પ્રાણ ધરાઇ જાય છે. આજ યજ્ઞનું ફળ છે. યજ્ઞ નિમિત્તે આખો દિવસ પૂ. માના દર્શન થાય એથી વિશેષ યજ્ઞનું ફળ બીજું શું હોઇ શકે?

યજ્ઞકાર્ય પૂર્ણ થયું, શ્રી ભારતીબેન પૂ. માને ચુંદડી મસ્તકે ધરતાં કૃતકૃત્ય થયાં છે. ગદ્‌ગદિત ભાવથી એ શ્રી ચરણોમાં પ્રણામ કરી કૃતાર્થ થયાં.

અંતે આરતી થઇ, આજની આરતી કરતાં કરતાં તો પ્રાણમાં શું પ્રસન્નતા પ્રકટી છે કે તેની વાત નહિ! અહીં આરતી એ જીવંતતાનો સાક્ષાત્કાર છે. જે પવિત્રભાવે આરતી થાય છે. જે ભાવ અંતરમાં પ્રકટે છે તેને પૂ. મા પ્રત્યક્ષ બિરાજીને સ્વીકારી રહ્યા છે. પવિત્ર ભાવોનો અહીં પ્રત્યક્ષ સ્વીકાર છે.

દરરોજ પારાયણનાં અંતે કથા મંડપ આરતીના જયગાનથી ગુંજી ઉઠે છે. દિવ્ય શંખનાદ અને વિવિધ વાદ્યોના નાદથી, અને એથીયે વિશેષ જે ભાવથી અહીં આરતી થાય છે તે ભાવ સમગ્ર વાતાવરણને દિવ્યતાથી ભરી દે છે. અહીં આરતીનું દર્શન એ ભાવસમાધિમાં લય થવાની વેળા છે. પૂ. મા પ્રત્યક્ષ બિરાજતાં હોય, અંતર ભાવોથી ઉભરાતું હોય અને મન એ દિવ્યદર્શનમાં મગ્ન થયું હોય, એ શુભવેળાએ અંતરમાં જાણે દિવ્યશાંતિનું સામ્રાજ્ય પ્રકટે છે.

આ સાત દિવસ જાણે ગોલોક ધરતીપર ઊતરી આવ્યું! પૂ. માના પરમ સાન્નિધ્યે દિવ્યતામાં સ્નાન કરતાં કરતાં આ સાત

દિવસ ક્યાં સરી ગયા તે ખબર પણ ન રહી! આ ‘માતૃદર્શનનો મહોત્સવ’ પૂર્ણ કરવાની ઈચ્છા તો કેવી રીતે થાય? જે દર્શને આટલા આનંદના ઓઘ દિવસો સુધી ઉછળી રહ્યા તે દર્શનને છોડીને હવે બીજું શું પ્રાપ્ત કરવાનું હોય! આ પારાયણના પુનિત પર્વે જે દર્શનની દિવ્યતા પ્રકટી તેને અખંડ કરી દો મા, બાળકને મા સિવાય બીજું શું જોઈએ? આ દર્શનના સૌભાગ્યની વિશેષ સૌભાગ્ય બીજું શું હોઈ શકે?

અમારે ન જોઈએ બીજું લેશમાત્ર,
જોઈએ એક માત્ર મા,
Nothing but only MAA.
જ્યાં સુધી નયનો તમારી,
સુધામાં રાચે નહીં;
પ્રાણ પાગલ તમારા,
ચરણોમહીં નાચે નહીં,
તમારાવિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
ધન્યતાને વર્ષતી વીણા કદી વાગે નહીં.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.



# ઉપાસની મહારાજના પ્રેરક પ્રસંગો

સંતપ્રેમી

૧૯૩૪ ની સાલની વાત છે. ગુરુપૂર્ણિમા પાસે આવતી હોવાથી ઉપાસની મહારાજનાં કેટલાંક ભક્તોએ સ્પેશિયલ બસ દ્વારા રિતપુરથી સાકોરી જવા માટે નક્કી કર્યું. આ માટે ૨૫ જણની મંડળી તૈયાર થઈ. સવારે ૧૦ વાગ્યે નીકળવાનું નક્કી કરેલ. પરંતુ વરસાદ જોરથી પડવા લાગ્યો. નદીનાળાં પાણીથી છલાછલ ભરાઈને વહેતાં હતાં. રિતપુર પાસે ચાંદૂર બજાર સુધી કાચી સડક હતી. ઘણાંખરાં નાળાં ઉપર પુલનાં અભાવે અને નાળાં ઊંડા હોવાને લીધે તથા પાણીના પ્રવાહમાં તાણ હોવાને લીધે દગો દે તેવાં હતાં.

વરસાદ જોરથી ચાલુ હતો તે વખતે જ આખી ભક્ત–મંડળી શ્રી બાબાનું સ્મરણ કરી ૧૧ વાગ્યે નીકળી. બે માઈલ ઉપર એક નાળું પાણીથી છલાછલ વહેતું હતું. પાણીમાં તાણ તથા ઊંડાણ વધારે હતું. ડ્રાઈવરે એક મિનિટ ગાડી રોકી તેઓને પૂછ્યું. “ગાડી પાણીમાં નાખું?” તેઓ શ્રી બાબાના દર્શન કરવા માટે ખૂબ ઉતાવળાં થઈ ગયાં હતાં. વિચાર ન કરતાં તેઓએ ફરમાવ્યું “હં ચાલવા દે ગાડી. નાગપુર મેલ મળવો જોઈએ.”

ડ્રાઈવરે ગાડીને પાણીમાં ઉતારી. એંજીનમાં પાણી ગયું તો પણ ગાડી બીજા કિનારે ૧૫ ફૂટ ઉપર જઈને રોકાઈ. આ જોઈને ડ્રાઈવરને આશ્ચર્યથી ધક્કો લાગ્યો. તે બોલ્યો. “તમારે ક્યાં જવાનું છે?” ભક્તોએ તેને ફોટો બતાવી કહ્યું, “આ બાબા પાસે.” તેણે

કહ્યું, "આપણને શ્રી બાબાએ જ આટલા ઊંડા પાણીમાંથી બહાર કાઢયાં. નહિ તો આટલું પાણી એંજીનમાં ગયા પછી આપણે મોટર સાથે વહી જઇ મૃત્યુના મુખમાં પડયાં હોત." આ સાંભળી તેઓએ શ્રી બાબાનો જય જયકાર કર્યો!

બીજે દિવસે તેઓ સાકોરી પહોંચ્યા. શ્રી બાબાનું પ્રવચન ચાલુ હતું. સૌ ભક્તો દર્શન કરી બેઠાં. થોડી મિનિટમાં પ્રવચનનો વિષય બાજુએ મૂકી તેઓની તરફ જો શ્રી બાબા બોલ્યા. "મહારાજ! લોકો ખુશીથી મારું નામ લઇ મોટર પાણીમાં નાખે પછી શું તેમને મરવા દઉં? ગયો અને ખેંચી મોટર બહાર!" ભક્તો ઉપર શ્રી બાબાનો આવો અલૌકિક પ્રેમ હતો.

* * *

ભરૂચા સાહેબ નામનાં એક ભક્ત નિવૃત્ત થઇ પત્ની સાથે તન, મન, ધનથી સાકોરીમાં શ્રી બાબાની સેવા કરતા હતા. તેઓ અગિયાર વાગતાં શ્રી બાબાના દર્શન કરવા માટે ગયા. દર્શન પછી શ્રી બાબાએ તેમને પાસે બેસાડી પ્રસન્નતાથી કહ્યું, "સાહેબ, કંઇ પણ માગો. માગશો તે હું આપીશ."

શ્રી ભરૂચા મૂંગા રહ્યા. શ્રી બાબાના "માગો માગો" એ ચાલું હતું તેથી તે નમ્રતાથી બોલ્યા. "બાબા, જગતમાં માગવા જેવી એક જ વસ્તુ છે, "ઈશ્વર". તે તો મારી સામે ગાદી ઉપર બેઠેલા છે. મારી સાથે બોલે છે, ઉપદેશ આપે છે. ગુસ્સે થઇ ગાળો આપે છે તથા ક્યારેક પ્રસાદ પણ આપે છે. એટલે માગવાનું કંઇ જ બાકી રહેતું નથી.

શ્રી બાબા પ્રેમથી ભરૂચા સાહેબને ભેટીને બોલ્યા, "મહારાજ તે તો ખરું, હું સાક્ષાત્ પરમેશ્વર છું, તેમાં જરા પણ શંકા નથી."

* * *



શ્રી સાંઇબાબાનાં ભક્ત કાશીબાઇના પતિ હંસરાજ સંક્રાંતિ ઉપર સાકોરી ગએલ. ત્યારે ઉદીકુંડ પાસે ઉભા રહી પિંજરામાં બેઠેલા શ્રી ઉપાસની મહારાજને કહ્યું. "બાબા, તમે જ સાંઇબાબા. મને યમદૂત લઇ ગયા ત્યારે તમે મારો હિસાબ જોયો, ત્યાં હિસાબની ચોપડીઓ હતી. તમે આવ્યા તથા યમને ધમકાવીને બોલ્યા. "અરે અમારો મનુષ્ય કેમ લાવ્યા? તારા હિસાબમાં ભૂલ થઇ છે, છોડ તેને."

યમ બીકથી કંપવા લાગ્યા તથા મને ધકેલી દીધો. તો હું પથારીમાં હતો. ત્યારથી મને સારું લાગ્યું.

શ્રી બાબા બોલ્યા, "તે સાંઇબાબાની કળા છે. હું તો તેમના પગના જોડા જેવો છું.

* * *

શ્રી બાબા. માતાજી તથા કન્યાઓ સાથે ૧૯૪૧ ના વર્ષનો શ્રી દત્ત જયંતીનો ઉત્સવ પતાવી હૈદ્રાબાદથી પૂના આવ્યા. આળંદીમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજના દર્શન કરતાં બોલ્યા. "છોકરીઓ, જુઓ શ્રી જ્ઞાનેશ્વર સમાધિમાં ભજન કરે છે. મને બોલાવે છે, તમને વીણાનો નાદ સંભળાય છે શું?" કન્યાઓનો નકાર સાંભળીને શ્રી બાબા બોલ્યા. "છોકરીઓ, સમાધિની બાજુની જમીન પર કાન માંડો એટલે વીણાનાદ સંભળાશે."

તેમ કરતાં જ માતાજી સહ કન્યાઓને વીણાનાદ સાંભળી આનંદ થયો. 'જ્ઞાનેશ્વર મહારાજ મને બોલાવે છે.' બાબાના આ શબ્દોનો ગૂઢાર્થ જલદી જ સમજાયો. શ્રી બાબાએ સમાધિ લીધી.

**નોંધ** : ધ્યાન સાધના શિબિરનો અહેવાલ મે, ૯૨ ના અંકમાં મૂકવામાં આવશે.

### સ્વામી શિવાનંદના જીવનના

# પ્રેરક પ્રસંગો

સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડિયા

સ્વામી શિવાનંદ (ઋષિકેશ) સર્વ ધર્મ પ્રત્યે એક સરખો પ્રેમભાવ ધરાવતા. તે જ પ્રમાણે તેમને ઈશ્વરના એક નામમાં જેટલી શ્રદ્ધા હતી તેટલી જ તેનાં બીજાં નામોમાં પણ હતી. તેમના આશ્રમમાં હિંદુ મુસલમાન, ખ્રિસ્તી, યહુદી, પારસી અને બૌદ્ધ સૌ કોઇ એક જ કુટુંબના સભ્યો હોય એ રીતે રહેતા હતા. જો કે આશ્રમની શરૂઆતના દિવસોમાં કેટલાક રૂઢિચુસ્ત આશ્રમ-વાસીઓ થોડીક જુદાઇની ભાવના સેવતા હતા. સ્વામીજીએ પોતાનો જ દાખલો બેસાડીને તેમની આ ભાવના વહેલી તકે દૂર કરી.

૧૯૩૮ ના વર્ષમાં એક બીના બની. એક ખ્રિસ્તીભાઇ આશ્રમની મુલાકાતે આવ્યા. શિવાનંદજી તેમને ભોજન માટે રસોડે લઇ ગયા. તે વખતે કેટલાક હિંદુ ભક્તો ભોજન કરી રહ્યા હતાં. આ જોઇને તેઓ તરત જ ત્યાંથી જમતા જમતા ઊઠી ગયા. સ્વામીજીના કાને આ વાત આવી એટલે તેઓ તરત પાછા રસોડા-માં આવ્યા. પેલા ખ્રિસ્તીભાઇનો હાથ પકડીને તેને રસોડામાં લાવ્યા. બેસવા માટે સાદડી આપી અને સ્વામીજીએ પોતે જ થાળીમાં ભોજન પીરસ્યું અને ભાવથી જમાડયા. પેલા હિંદુ ભક્તો ઝંખવાણા પડી ગયા. બીજા આશ્રમવાસીઓને પણ ભાન થયું કે આવા ભેદભાવ પાડવા ખોટા છે.

* * *



આશ્રમ ખાતે એક ટેકરી ઉપર મંદિરનું બાંધકામ ચાલતું હતું. એક મુસલમાન ઓવરસિયર આ કામ ઉપર દેખરેખ રાખતા હતા. તેમને રોજ ખાવાનું પહોંચાડવાનું હતું. રસોડાના મેનેજરે તેમને માટે એક બાજુમાં રોટલી અને ભાત કઢાવ્યાં. પછી એક માટીની કુલડીમાં દાળ ભરાવી અને ઓવરસિયરને ઊંચે ટેકરી ઉપર જમવાનું મોકલાવ્યું.

સ્વામીજીને આ વાતની જાણ થઇ. બીજે જ દિવસે તેઓ જમવાના સમયે રસોડાના બારણે જઇ ઉભા રહ્યા. ઓવર-સિયરનું ભાણું થાળી–વાડકામાં તૈયાર કરાવ્યું. પછી તેમણે રસોડાના મેનેજર તરીકે ફરજ બજાવતા શિષ્યને કહ્યું, "ભગવાન માણસને કદી તેની ન્યાતજાત પૂછતો નથી. પરંતુ તે તેનું હૃદય જ જુએ છે. માણસના હૃદયમાં પ્રેમ છે કે નહીં તેટલું જ તે જુએ છે.

* * *

સ્વામી શિવાનંદ એક આધ્યાત્મિક સંત હોવા ઉપરાંત એક સારામાં સારા માનસશાસ્ત્રી પણ હતા. માનવસ્વભાવની તેઓ ઊંડી સૂઝ ધરાવતા હતા અને તે પ્રમાણે તેઓ આશ્રમનું સંચાલન કરતા હતા.

શિષ્યોએ રોજ સવારે અને સાંજે પોતાના ગુરુ કે મહંતને પગે લાગવાની પ્રણાલી લગભગ બધા જ આશ્રમોમાં જોવા મળે છે. જ્યારે શિવાનંદ આશ્રમ આમાં એક અપવાદ હતો. અહીં કોઇ પણ શિષ્યને આવી ફરજ પાડવામાં આવતી ન હતી. અહીં શિવાનંદની ગુરુ તરીકેની કોઇ પણ સરમુખત્યારશાહી ન હતી. અલગ બનાવેલી સ્પેશિયલ બેઠક ઉપર સ્વામીજી કદી બેસતા

નહીં. ભોજનહોલમાં પણ તેઓ બીજા બધાની સાથે જ જમીન ઉપર પાથરેલી સાદડી ઉપર જ બેસતા. ઉંમરના કારણે શરીર નબળું પડી ગયું ત્યારે જ ના છૂટકે લાકડાની ખુરશી પર અને પાછળથી ગાંદીવાળી ખુરશી પર બેસવા માંડયું. છેલ્લા થોડા વર્ષો તેઓ ગાદીવાળી આરામ ખુરશીમાં પણ બેઠા હતા.

* * *

આશ્રમના નોકર ચાકરો પ્રત્યે પણ સ્વામીજી ખૂબ આદરભાવ રાખતા. દયા અને દિવેલ આ બે સ્વામીજીના ખાસ શબ્દો હતા. આ શબ્દો બોલીને તેઓ નોકરોને હસાવ્યા કરતા. દયા એટલે હૃદયમાંથી જન્મેલો સાચો પ્રેમભાવ અને દિવેલ એટલે પૈસા અથવા તો કોઈ વસ્તુના સ્વરૂપે નોકરોને અપાતી બક્ષિસ.

નોકરોને સ્વામીજી પાસેથી દયા અને દિવેલ બંને પૂરતાં પ્રમાણમાં મળી રહેતાં. નવાઈની વાત તો એ હતી કે શિવાનંદજી આશ્રમના નોકરોને પણ વંદન કરતા. તેઓ તેમને ચા, દૂધ, ફળ વગેરે છૂટથી આપતા અને મહેનત બદલે સારો પગાર ચૂકવતા. નોકર જાણે કે કોઈ ઓફિસના ક્લાર્ક હોય તેવા દેખાતા. આશ્રમવાસીના જેવી જ સુવિધાઓ નોકરોને પણ આપવામાં આવતી.

તા. ૨ નવેમ્બર ૧૯૪૭ ના રોજ લાહોરથી આવેલ મોહન-લાલ ચંદર સાથે શિવાનંદજી બેસીને વાતો કરી રહ્યા હતા. કેટલાક શિષ્યો પણ હાજર હતા. ત્યાંતો અચાનક સ્વામીજી મોટા અવાજે બોલી ઊઠયા 'પેલો હેલ્થ ઓફિસર' જાય છે એને અહીં બોલાવી લાવો. શિષ્યો તેમણે સંકેત કરેલ તે દિશામાં જોવા લાગ્યા. પરંતુ કોઈ ઓફિસર તે તરફ જતા દેખાયા નહિ એટલે મોહનલાલ ચંદર



બોલ્યા 'સ્વામીજી, તમે કોની વાત કરો છો? તમે કહો છો તેવો કોઈ હેલ્થ ઓફિસર ત્યાં જતો અમને દેખાતો નથી. કોને પકડી લાવવાનું કહો છો?'

આ સાંભળી સ્વામીજીએ તરત વળી પાછી એક માણસ તરફ આંગળી ચીંધી. તેણે ફાટયાં–તૂટયાં કપડાં પહેર્યાં હતા. તે ક્યાંક જઈ રહ્યો હતો. એક શિષ્ય દોડતો જઈને તેને બોલાવી લાવ્યો. સ્વામીજીએ તેને કહ્યું, 'ઓ જી! છેલ્લા ત્રણ દિવસથી જાજરૂ સાફ થયાં નથી. ચાલો, હવે જાજરૂ સાફ કરી નાંખો.' પછી નજીક ઊભેલા શિષ્યો તરફ જોઈને તેઓ બોલ્યા, 'ઓમ્ ગોવિંદજી, તેને ચાર આના આપો. ઓમ વિશ્વેશ્વર, તેને એક સંતરું આપો.' ભંગીને ચાર આના અને ફળો આપવામાં આવ્યાં અને ખુશ થતો તેના કામે વળગ્યો.

ગોવિંદ અને વિશ્વેશ્વર સ્વામીજીના શિષ્યો હતા. શિષ્યોને બોલાવતી વખતે તેઓ તેમના નામની સાથે ઓમ્ શબ્દ ઉમેરતા. શિષ્યો પણ એક બીજાના નામ સાથે ઓમ્ શબ્દનો ઉપયોગ વારંવાર કરતા.

એટલામાં હૃષીકેશથી સ્વામી શાશ્વત ત્યાં આવી પહોંચ્યા. તેઓ આશ્રમ માટે રેશન ખરીદવાનું કામ કરતા હતા. તેમની પાસે એક મોટો થેલો હતો. સ્વામીજીએ પૂછ્યું, 'આ થેલામાં શું લાવ્યા?' શાશ્વતે જવાબ આપ્યો. 'એકાદ અઠવાડિયું ચાલે તેટલા શાકભાજી, ફળ અને ઘી હું ઋષીકેશથી લાવ્યો છું.'

સ્વામીજીએ પૂછ્યું, 'આ બધું એક અઠવાડિયું ચાલશે તેમ તમે કેવી રીતે કહી શકો?'

'દર અઠવાડિયે આપણે અત્યાર સુધી એટલું જ વાપરતા આવ્યા છીએ.' શાશ્વતે જવાબ આપ્યો.

'પણ આમાં રસોયાનો ખાનગી ભાગ આવી જાય છે? સ્વામીજી તમે શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી. રસોયાને તો આપણે દર મહિને પગાર આપીએ છીએ. તેથી તેને માટે ઘી અને શાકભાજી કેવા? તેને કંઇ જ આપવાની જરૂર નથી.'

'તમે આપશો તો જ તે લેશે એવું કંઇ થોડું છે? આમાંથી તેને જેટલું કાઢવું હશે તેટલું તે કાઢી લેશે. તે માટે તે કાંઇ તમને પૂછવાનો નથી. મારે તો એટલું જ જાણવું છે કે આ બાબત ધ્યાનમાં રાખીને તમે ખરીદ કરી છે કે કેમ? નહીં તો પછી ફિયાસ્કો...' અને બધા જોર–શોરથી હસી પડયા.

શિવાનંદજી કેવી ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખતા હતા તેનો સૌને ખ્યાલ આવ્યો. તેમના બજેટમાં 'રસોઇયાની ચોરી' પેટે દસમા ભાગની પણ તેઓ જોગવાઇ કરતા.

* * *

ત્રીજી ઓક્ટોબર, ૧૯૪૯ ના રોજ સુબ્રહ્મણ્યમ્ નામના એક ભાઇ સાયકલ ઉપર બેસીને આવતા હતા. તેમણે શિવાનંદને તેમની કુટિરમાંથી બહાર નીકળતા જોયા. તરત જ તેઓ સાયકલ ઉપરથી નીચે ઉતરી પડયા. માથે વીંટાળેલો ટુવાલ કાઢી નાખ્યો.

ધોતિયું ઠીકઠાક કર્યું. આ જોઇ શિવાનંદે તેમને હસતાં હસતાં કહ્યું, 'મારે માટે આવો શિષ્ટાચાર બતાવવાની કોઇ જરૂર નથી. પ્રેમ અને પૂજ્યભાવ તો હૃદયમાં જ વસે છે. તમે દેખાવ ન કરો તોપણ હું તમારા હૃદયમાં છુપાયેલા પ્રેમને પકડી પાડીશ. બાહ્ય શિષ્ટાચારને હું ખાસ કંઇ મહત્ત્વ આપતો નથી.'

તેઓ ફરી પાછા આગળ કહેવાં લાગ્યા. 'માથું ફાડી નાખે



તેવો તાપ પડે છે. તમે ઋષિકેશ ખરીદી માટે જઇ રહ્યા છો. વળી તમે મકાનોમાં બાંધકામ ઉપર પણ દેખરેખ રાખો છો. તમારે જે કંઇ જરૂરી હોય તે વિના સંકોચે લઇ લો. આ તાપમાં તો તમારે કાંઇક ઠંડુ પીણું પણ પીવું જોઇએ. અડધો કલાક પછી ગરમ પીણું પીઓ. ફળો ખાવાનું મન થાય તો બજારમાંથી તરત જ ખરીદી લેજો. તમારે મને તેનું બિલ આપવાની પણ કાંઇ જરૂર નથી. તબિયત બનાવવા માટે ગમે તે ખાઓ. તમને બધી જ છૂટ છે. શિવાનંદજીનાં હૃદયમાં સૌને માટે એક સરખું ઊંચું સ્થાન હતું.

* * *

સ્વામી શિવાનંદજી જ્યારે મલાયામાં ડોક્ટર તરીકેની ફરજ બજાવતા તે વખતે તેઓનું નામ કુપ્પુ સ્વામી હતું. તેઓ કોઇ દુકાનમાં જતા તો વસ્તુઓની પસંદગી ફટાફટ કરી દેતા. તેમાં સમય બગાડતા નહિ. ભાવ અંગે કાંઇ પણ રકઝક કર્યા વિના દુકાનદાર જે બિલ આપે તે ચુકવી દેતા.

ડોક્ટરની આ ટેવ અંગે તેમના એક મિત્રે એક દિવસ કહ્યું હતું કે 'દુકાનદારો બહુ લુચ્ચા હોય છે. વસ્તુ પાંચ રૂપિયાની હોય પરંતુ ગ્રાહકને તેઓ દસ રૂપિયા કહે છે. ગ્રાહક ખેંચતાણ કરે તો પછી છેવટે આઠ રૂપિયામાં વસ્તુ આપી દે છે. તારા જેવા ગ્રાહક પાસેથી તેઓ દસ રૂપિયા જ પડાવી લે.'

કુપ્પુ સ્વામીએ જણાવ્યું કે "કંઇ વાંધો નહિ. હું ભાવતાલ કરવામાં માનતો નથી. ગરીબ માણસોને થોડા વધુ પૈસા કમાવા દો. એક વાર તેઓ મારો સ્વભાવ જાણી જશે પછી મને 'ડબલ ભાવ' કહેતાં તે વિચાર કરશે."

* * *

કોઇ પણ માણસને તેઓ શંકાની નજરે જોતા નહિ. બધા ઉપર વિશ્વાસ મૂકતા. એક વખત તેમને ટેક્સી ખરીદવાની ઇચ્છા થઇ એટલે તેમણે એક માણસને થોડા પૈસા આપ્યા. પૈસા લઇને તે ભાઇ ગયા તે ગયા. ફરી દેખાયા જ નહિ. પૈસા ગુમાવ્યા પછી ડોક્ટર માત્ર એટલું જ બોલ્યા 'જેવી ભગવાનની ઇચ્છા.'

* * *

લગ્ન કે એવા શુભ પ્રસંગે કુપ્પુસ્વામીને આમંત્રણ મળતાં તેઓ ત્યાં નિયત ટાઇમ કરતાં હંમેશા કલાક, બે કલાક વહેલા જ પહોંચી જતા. અને પોતાનું દિવ્ય નામસંકીર્તન શરૂ કરી દેતા. ડોક્ટરની આ આદત તેમના કેટલાક મિત્રોને પસંદ ન હોવાથી તેઓ આવા પ્રસંગોએ તેમને ઇરાદાપૂર્વક આમંત્રણ આપવાનું ટાળતા, પરંતુ ડોક્ટર તેમ ટાળ્યા ટળે તેમ નહોતા. ખબર પડે કે મિત્રના ઘેર અમુક પ્રસંગ છે તો વગર આમંત્રણે તેઓ મિત્રના ઘેર પહોંચી જતા અને મિત્રને કહેતા, "કેમ તું મને ભૂલી ગયો ને? પણ હું કાંઇ તને છોડું તેમ નથી. ગમે તેમ તોય તું તો મારો જીગરજાન દોસ્ત છે. તારા છોકરાની વરસગાંઠ હોય અને હું ન આવું તે કેમ ચાલે? મારે તો આવવું જ પડે." અને કુપ્પુસ્વામી રામ રામની નામાવલિ શરૂ કરી દેતા. ન કોઇને પૂછવું ગાછવું, ન કોઇને પોતાની ઓળખાણ આપવી કે ન કોઇ જાતનો શિષ્ટાચાર કરવો. કાર્યક્રમની સીધી જ શરૂઆત. આવો હતો તેમનો ભક્તિભાવ કે જેને કદિ લૌકિક રીતરિવાજો અને શિષ્ટાચારનાં બંધનો નડયાં નથી.

* * *

કુપ્પુસ્વામી રસોઇ પોતે જ બનાવતા પરંતુ કેટલાંક વર્ષ પછી તેમણે નરસિંહ આયર નામનો એક રસોઇયો રાખ્યો. આવનાર માણસને ડોક્ટરે પહેલી જ રાતે અચંબામાં નાખી દીધો. પોતાની પથારી જમીન ઉપર પાથરી અને રસોઇયાને પલંગ ઉપર સૂઇ જવા કહ્યું. તેઓ બોલ્યા "આ વિસ્તારમાં જમીન ઉપર સૂવાથી તબિયત બગડે છે. હું તો ટેવાઇ ગયો છું. તેથી મને કાંઇ નહિ થાય. પરંતુ તમારે આ જોખમ ખેડવા જેવું નથી."



સવારે કોફી તૈયાર થઇ કે તરત ડોક્ટરે રસોઇયા માટે કપમાં કોફી રેડવા માંડી અને પોતાની સાથે જ બેસીને પીવા રસોઇયાને આગ્રહ કર્યો. પરંતુ સાહેબ સાથે બેસીને કોફી પીવાનું યોગ્ય ન લાગ્યું એટલે તે દૂર ઊભો રહ્યો. ડોક્ટર તેની પાસે ગયા અને હાથ પકડીને ખેંચી લાવ્યા. બંનેએ સાથે બેસીને જ કોફી પીધી. જમતી વખતે પણ રસોઇયાને સાથે જ જમવા બેસાડયો. રસોઇયાની થાળીમાં જમતાં જમતાં પણ ઘી અને દહીં મૂક્યા કરતા. રસોઇયો ખચકાટ અને આશ્ચર્ય બંને અનુભવતો. તેને થતું 'આ કોઇ પુરુષ નહિ પણ દેવપુરુષ છે.'

રસોઇયાનો માસિક પગાર અઢીસો નક્કી કરેલ. મહિનાની છેલ્લી તારીખે ડોક્ટર રસોડામાં જતા અને એક કવર તેના હાથમાં મૂકતા. કવરમાંથી જ્યારે સાડા ત્રણસો નીકળતા ત્યારે રસોઇયો નવાઇમાં પડી જતો. તેઓ તરત જ કહેતા 'આ તો મારી તમને ભાવભરી ભેટ છે, દીક્ષિત! આટલા ચાલશે ને?' અને આયર તેમને મનોમન નમી પડતો.

કુપ્પુસ્વામી રસોઇયા સાથે મિત્રભાવે જ વર્તતા. તેમણે કેટલાંક આધ્યાત્મિક પુસ્તકો તેને વાંચવા માટે આપ્યાં અને યોગાસનો પણ શીખવ્યાં. શીર્ષાસન શીખવતી વખતે તેઓ રસોઇયાના પગ પકડીને ઊંચા કરતા અને સમતોલન જાળવવામાં મદદ કરતા. સાંજે સાથે જ ફરવા નીકળતા. આ બે વચ્ચે સાચો

સંબંધ શું છે તે અજાણ્યા માણસો ભાગ્યે જ સમજી શકતા.

પોતાની પાસે જે જે પુસ્તકો હોય તે લખીને તે યાદી બુક-સેલરને આપતાં અને તે સિવાયના કોઈ પણ યોગ, વેદાંતનાં પુસ્તકો હોય તો પોતાને ઘેર મોકલી દેવા કુપ્પુસ્વામી દુકાનદારને કહેતા. આમ છેલ્લામાં છેલ્લા પ્રગટ થયેલાં આધ્યાત્મિક પુસ્તકો ડોક્ટરની લાયબ્રેરીમાં આપોઆપ આવ્યા કરતાં.

દરેક પુસ્તક ઉપર કુપ્પુસ્વામી પોતાના નામનો રબ્બર સ્ટેંપ લગાવતા. તેથી રસોઈયાને પણ થયું કે મારા નામનો પણ રબ્બર સ્ટેંપ હોય તો કેટલું સરસ. તેણે પોતાની ઈચ્છા ડોક્ટરને જણાવી. તરત જ તેમણે એક કાગળ ઉપર આયરની સહી લઈ તે કાગળ ટપાલમાં સિંગાપુર રવાના કર્યો. થોડા દિવસમાં પારસલમાં આયરનો રબ્બર સ્ટેંપ, પેડ અને શાહીની બાટલી આવી ગયાં. તેમનો આદર્શ હતો બીજાના સુખમાં પોતાનું સુખ જોવું.

(સ્વામી શિવાનંદજીના જીવનચરિત્રના આધારે)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦



## * મનની જટાજાળ *

ભય, ચિંતા, ગૂંચો, ગ્રંથિ—બધાં કરતૂક મનનાં છે!
છતાં, એ દર્દનો ઈલાજ, ઊંડે મનની ભીતરમાં છે!
માત્ર સ્થિર દર્શક બની, મન-વૃત્તિઓ નિહાળતાં-
તહીં, 'સદ્-અસદ્' પરખાય તો, એ વિષમતા વિખરાય છે!

## * પ્રભુમય જીવન *

પ્રભુપ્રીત્યર્થ જીવન જીવવા, હૃદય સાચી અભીપ્સા હો-
તો, ચરાચરની રજેરજમાં—પ્રભુતા પેખવી પડશે!
જગત-સંસારમાં જ્યાં ત્યાં, રૂડો સદ્ભાવ પ્રગટાવી-
'ईशावास्य' ભૂમિકાની, સહજતા સાધવી પડશે!

## * ક્ષમાશીલતા *

ક્ષમા યાચી, ક્ષમા કરવી—ક્ષમાનો ભાવ અદ્ભુત છે!
બીજાંના ગેર-વર્તનને,—સુજનતાથી સહી લે છે!
સળગતા વેર-વિખવાદો, ક્ષમા ક્ષણમાં બુઝાવે છે!
ને, સંબંધોના ઊંડા ઘાને, શીતળતાથી રુઝાવે છે!

— રતિલાલ ભાવસાર

## * કર ભલા હોગા ભલા *

( ગઝલ )

લોક બહેરા થઇ ગયા છે, કોઇ સાંભળતું નથી,
સાદ પાડે છે ફકીર કો—"કર ભલા, હોગા ભલા."

અનેરી જગવાટમાં ફૂલ કંઇ બાગે ખિલ્યા,
ફૂલની સૌરભ કહે છે—"કર ભલા, હોગા ભલા."

આભમાં ઘનઘોર ઉમટે ગર્જના થાયે ઘણી,
વરસાદની ધારા કહે છે—"કર ભલા, હોગા ભલા."

આમ્રડાળે કોકિલા પંચમસ્વરે કૂજન કરે,
મધુર સાદે એ કહે છે—"કર ભલા, હોગા ભલા."

આભની મોટી અટારી ઇંદુ શું શોભે અહો,
ચાંદની એની કહે છે—"કર ભલા, હોગા ભલા."

વેરાન ધરતી પર વહે છે ઝરણું મીઠું જો અરે,
મધુર નાદે એ કહે છે—"કર ભલા, હોગા ભલા."

રાન વેરાને જુઓ તરુ છાયા કેવી સરસ!
એની શીતળતા કહે છે—"કર ભલા, હોગા ભલા."

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## * મુક્તક *

( ૧ )

ભરી પ્રેમસાગર હું દિલમાં રહ્યો છું,
બની રત્નખાણો હું મૂજમાં રહ્યો છું,
ઉલેચ્યો છે આદમ સમયથી મને પણ–
સદાનો સદા 'હું' છલકતો રહ્યો છું.

( ૨ )

ફૂલને કંટક વિશે છે તે સમન્વય જોઇએ,
આપણા સંબંધ સૌ એવા મગનમય જોઇએ,
જિંદગી જાણી અને માણી જવું તકદીર છે,
સત્ય ભીતરમાં પડેલું પડેલું આચરણમય જોઇએ.

( ૩ )

છમ્મ લીલું આભ વરસે છે સરસ,
તોય રણને જિન્દગી ભરની તરસ,
ઝંખના ચાલી, મહેચ્છા પણ ગઇ,
ન્યૂનતા જીવી ગઇ સો સો વરસ.

બળવંત ઓઝા (સફર)

## * તું દીપ બનીને જલતો જા *

તું દીપ બનીને જલતો જા,
તેલ તણાં ટીપાં ખૂટે તો
કોરી વાટે બળતો જા. તું દીપ બનીને૦
ગ્રહણ સમે સૂરજ ગોપાયો,
અંધાપો શો આભે!
રાણાં ચન્દ્રતણાં અજવાળાં
ધરણી કારાવાસે!
ઓરી ઓરી કાયા–ઈન્ધન તું દીપ બનીને૦
પ્રકાશ–ધારા ધીરતો જા.
તોતિંગ પ્હાડ ડૂબ્યા દરિયામાં,
આંધી કરાલ ઝીંકે,
દિક્પાલો દિગ્મૂઢ દીસે શા!
ત્રિકાળ કંપે બ્હીકે.
પ્રલયે પૃથ્વી જાય રસાતલ
રોમ રોમ ઝળહળતો જા. તું દીપ બનીને૦
પ્રકાશના પગરવની બાની
તારી શગ છો થાતી;
અંધકારની આંધી શમશે
ચિનગારી દ્યુતિ–ત્રાતી!
સૂરજ–સોમ–તારક–નભગંગા
પ્રકાશ–ભરતી ભરતો જા
તું દીપ બનીને જલતો જા
તું કોરી વાટે બળતો જા. તું દીપ બનીને૦

ડો. અંબુભાઈ એસ. પટેલ



## * આખરી અવસર કાજ *

આખરી અવસર કાજ નટવરગુલાલ લીધ
હોળી ખેલીને ડૂલ કીધો!
કોડીની કાયા કાજ, હીરલો લાખેણો રૂડો
દાધારંગાએ દૈ દીધો! આખરી૦

દેવના દીધેલ બે દાણા બોવાને સાર
દુર્બળ, દુકાળે દળી ખાધા!
એકના અનેક વાવ્યે, ગણતરનાં આવડયાં ને
લટકામાં ઉપવાસી–બાધા! આખરી૦

ઉત્તરા તે પથની પરકમ્મા આદરીને
દખણાદાં દોટાવે આ–ચરણ!
અન્તરની આડશે સૂર કે અસૂર બેઠા?
હાવાં લેવું કોનું શરણ? આખરી૦

અન્તરના આમળા બાળો, અંકાર ટાળો
હરિવર ચરણે શરણ;
જીવતર નાં જાળવ્યું, ભોગે સૌ ભોગવ્યું
આવકારો ઉજળાં મરણ. આખરી૦

કોડીની કાયા કાજ હીરલો લાખેણો ખોયો
દાધારંગાએ દૈ દીધો!
આખરી અવસર કાજ નટવરગુલાલ લીધ
હોળી ખેલીને ડૂલ કીધો. આખરી૦

ડો. રણજિત પટેલ (અનામી)

# વિદેશના પત્રો

કેનેડાના નાનકડા સાધક ભાઈબહેનોના પૂ. મા પ્રત્યે પ્રતિભાવ વ્યક્ત કરતા કેટલાક પત્રો—અંગ્રેજી તથા ભાષાંતર સાથે.

— તંત્રી

ૐ

**To my sweet Maa**

Radha's pranam.

I'm Fine. When it was time to talk about Gandiji, I talked about Maa. I won a plaque with a poem on it. I hope you come back soon from India.

Your loving,
**daughter Radha**
Age 7

---

**મારાં વહાલાં મા,**

રાધાના પ્રણામ.

હું મઝામાં છું, જ્યારે મારે ગાંધીજી ઉપર બોલવાનું હતું ત્યારે હું મા ઉપર બોલી. એ માટે કવિતા લખેલું એક ઈનામી પ્લેક મળ્યું. મને આશા છે કે આપ ભારતથી જલ્દીથી પાછાં આવશો.

તમારી લાડકી દીકરી
રાધા, ઉમ્મર ૭ વર્ષ



Jan 26, 1992

Holy Mother Maa, Thakur, and the devotees of India. We last saw Maa at Syracuse where we had satsangs, garba, and games. The most enjoyable part of the trip was being with you. Just the same my yatra to Bharat was also Enjoyable because of your blessings. When I visited Satyapath I was surprised to see the collection of Yogeshwarji's belongings. Satyapath to me was very holy because Maa and Yogeshwarji were not the only Saints present. I saw Sai Baba, Ramana Maharshi, Shree Thakur, Sharda Ma, and Ma Jyotirmai. My pranam to Satyapath. Next I went to Saroda, the birthplace of the great saint of India Mahatma Yogeshwarji. I also went to the Ramakrishna ashram in Rajkot. It was very crowded yet it was very silent. I saw the pictures of the sixteen different devotees of Thakur who were his first. I met Bhuteshananda a saint who met Sharada Ma and Swami Vivekananda at a young age. Then I went to Nareshwar, Rangavadhutta's mandir. Besides that I had satsang with the Baroda Dhyan Kendra, who welcomed me with open arms. I send my

best regards to them. I also had satsang with my Baa and Dada in Dakor. They were surprised that I knew so much about our religion even though I was born and raised in a western culture.

I am very fortunate to have grown up without the hardships that I saw in India. I pray to Maa's Lotus feet that one day they too will be as fortunate as I am.

Jigar hopes that everyone in India is happy to see Maa and to do satsang with her like we did here. He hopes to come to India in the summer and also to see Maa again.

HARI AUM
**Gigna & Jigar**
Age 16–14

---

૨૬, જાન્યુ. ૧૯૯૨

**પૂજ્ય મા, ઠાકુર અને ભારતના ભક્તો.**

અમે પૂ. માને છેલ્લે સ્યાકૂઝેમાં મળેલા. તે વખતે ત્યાં સત્સંગ, ગરબા અને રમતો થયેલાં. એ પ્રવાસનો જો સૌથી આનંદદાયક કોઈ ભાગ હોય તો તે આપના સાન્નિધ્યનો. એજ રીતે મારી ભારતયાત્રા પણ આનંદપ્રદ રહી તેનું કારણ પૂ. મા, આપના આશીર્વાદજ. મેં જ્યારે સત્યપથની મુલાકાત લીધી ત્યારે મહાત્મા શ્રી યોગેશ્વરની વસ્તુઓના સંગ્રહને જોઈને નવાઈ પામી ગયેલો.



મારે માટે સત્યપથ એ પવિત્ર તીર્થસમાન છે, કારણ કે તેમાં પ. પૂ. યોગેશ્વરજી તેમ જ પૂ. મા જ નથી; પરંતુ ત્યાં મેં શ્રી સાઈબાબા, ભગવાન રમણ મહર્ષિ, શ્રી રામકૃષ્ણદેવ (ઠાકુર), શારદા મા અને જ્યોતિર્મયી મા વગેરેને જોયાં. આથી સત્યપથને મારા પ્રણામ. તે પછી હું સરોડા ગયો. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની એ જન્મભૂમિ, રાજકોટ ખાતેના શ્રી રામકૃષ્ણ આશ્રમમાં પણ હું ગયો. ત્યાં ઘણા લોકો એકત્રિત થયેલા હતા, છતાં ખૂબ શાન્તિ હતી. ત્યાં શ્રી રામકૃષ્ણના સૌ પ્રથમ થયેલા સોળ જેટલા શિષ્યોનાં સ્વરૂપો જોયાં. પૂ. સ્વામી ભૂતેશાનંદ જેઓ નાની વયમાં શ્રી શારદામા તેમ જ સ્વામી વિવેકાનંદને મળેલા તેઓને હું મળ્યો. તે પછી શ્રી રંગ અવધૂત મહારાજના સ્થાન નારેશ્વરની મેં મુલાકાત લીધી. આ ઉપરાંત વડોદરાના શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના ભાઈઓને પણ મારે મળવાનું થયું. તેઓએ મને ખૂબ ઉમળકાપૂર્વક આવકાર્યો. હું તેઓને મારી શુભ ભાવનાઓ પાઠવું છું. આ ઉપરાંત, મારા વતન–ઠાકોરમાં પણ મારાં પૂ. દાદા–દાદી સાથે મારે સત્સંગ થયો. તેઓને એ જોઈ ભારે આશ્ચર્ય થયું કે હું વિદેશમાં જન્મ્યો ને ઉછર્યો હોવા છતાં, આપણા ધર્મ વિષે આટલું બધું જાણું છું!

હું ખરેખર ભાગ્યશાળી છું કે ભારતમાં મેં જે મુશ્કેલીઓ જોઈ, તેમાંથી હું ઉગરી ગયો છું. પૂ. માનાં ચરણારવિંદોને હું પ્રણામ કરું છું જે એક દિવસ મારી જેમ જ ભાગ્યશાળી થશે.

જીગરની એ ભાવના છે કે ભારતમાં પણ સહુ પૂ. માનાં દર્શન કરીને સુખી હો. અને અમે જેમ અહીં તેઓનો સત્સંગ માણ્યો તેમ માણે. એ પણ ઉનાળામાં ભારત આવવા તેમ જ પૂ. માના દર્શન કરવા ઉત્સુક છે.

હરિઃ ૐ જીજ્ઞા અને જીગર
ઉમ્મર ૧૬–૧૪ વર્ષ

Thursday 9, January 1992

**To My Dearest Loving Maa,**

When you phoned us that day. I was very grateful. I was waiting for your call all night. when Viral said some one wants to talk you. I knew it was Maa. The letter you sent us was very nice. I'm glad wrote to us we had it framed and put up on the wall in our room.

I'm looking forward to going to California And you said to me that all the kids of yogeswar Dyan kendra were going to India next. When we had gone to Syerause yousaid that we were all your Syerause well, I knew that but it was wonderful to hear you say it.

Maa, you make my life much better each and every day. I do pranam and mala everyday in the morning. In the evening our whole family, sits tagether in front of prabhu and Maa's photographs and sing the prathanas.

I will miss you very much. I really want you to come to canada soon. When I go to satsang I feel like somethings missing when you are not there. On my birthday. I will ask for some- thing very special to me. I love you



very much hope to see you in July instead of August.

Your hoving **daughter Mira**,
Age 14

---

૯, જાન્યુઆરી, ૧૯૯૨

**મારાં વહાલાં પ્રેમાળ મા,**

આપે અમને તે દિવસે ફોન કર્યો, તે બદલ હું ખરે જ આભારી છું. તે આખી રાત હું આપના ફોનની રાહ જ જોતી હતી. જ્યારે વરલે કહ્યું કે કોઈ તારી સાથે વાત કરવા માગે છે, ત્યારે મને લાગ્યું કે તે 'મા' જ હોવાં જોઈએ. આપે અમને જે પત્ર મોકલ્યો, તે ઘણો સુંદર છે. આપે અમને પત્ર લખ્યો તે બદલ આભાર. અમે તેને મઢાવીને અમારા ઓરડાની દીવાલ ઉપર રાખ્યો છે.

હવે હું કેલિફોર્નિયા જવાની રાહ જોઈ રહી છું. આપે મને કહેલું કે હવે પછી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનાં બધાં જ બાળકોને ભારત લઈ જવાનાં છે. અમે સ્રાકૂઝે આવેલાં ત્યારે આપે જણાવેલું કે અમે બધાં આપનાં બાળકો છીએ. બરાબર, હું તે જાણું છું પરંતુ આપના મુખેથી તે શબ્દો સાંભળી મને ખૂબ આનંદ થયો.

હે મા, આપ મારું જીવન સારું બનાવી રહ્યાં છો. હું દરરોજ સવારે પ્રણામ અને માળા કરું છું. સાંજે પણ પૂ. યોગેશ્વરજી ને પૂ. માના સ્વરૂપો આગળ બેસી અમારું આખું કુટુમ્બ પ્રાર્થનાઓ ગાય છે.

આપના વિના અમને ગમશે નહિ. આપ જલ્દીથી કેનેડા આવો એવી અમારી પ્રાર્થના છે. જ્યારે હું સત્સંગમાં જાઉં છું ત્યારે હે મા, તમારા વિના મને સૂનું લાગે છે. મારા જન્મદિવસે હું ખાસ વિશેષ માગવાની છું કે હું આપને ખૂબ ચાહું છું તો આ વખતે આપ ઓગસ્ટને બદલે જુલાઇમાં પધારજો.

આપની વહાલી દીકરી—મીરાં
ઉમ્મર ૧૪ વર્ષ

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS: 10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



અંબાજી ખાતેની ધ્યાન-સાધના શિબિર પ્રસંગે આવેલ

# સંદેશાઓ–સંક્ષેપમાં

## શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરેન્ટો કેનેડા વતી શ્રી સુરેશભાઇ શાહનો સંદેશો

યુગાવતાર, યુગપુરુષ, યોગેશ્વરજીનો આજે આઠમો લીલા-સંવરણદિન છે, આપ સૌ સદ્‌ભાગી ભાઇબહેનો આ મહાપર્વ પૂ. માના સાન્નિધ્યમાં સ્વર્ગારોહણ તીર્થમાં ઊજવી રહ્યા છો તે આનંદની વાત છે. પૂર્વજન્મના ઉચ્ચ સંસ્કારો અને હૃદયમાં સાચા પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાના હોય તો આવો લાભ મળે નહીં. પૂ. શ્રીનું સાન્નિધ્ય જેમણે માણ્યું છે તેમને ભાગ્યે જ કહેવાની જરૂર છે કે તેઓનું સમગ્ર જીવન, વિચરણ, લેખન અને સ્તવન સમગ્ર માનવજાતિમાટે પ્રેરણાદાયક ત્થા પથપ્રદર્શક હતું.

પ્રકાશપંથના રચયિતા, સ્વર્ગારોહણના શિલ્પી, સત્યપથના પથિક, શાંતાશ્રમના સિદ્ધપુરુષ, દેવપ્રયાગના દેવપુરુષ, સાબર-મતીના સંત અને સરોડાનંદન પૂ. યોગેશ્વરજીને આજે અમારા સૌના કોટિપ્રણામ.

મહાપુરુષો સૂક્ષ્મરૂપે પણ તેઓના કાર્યો કરે છે તે પૂ. માના સાધનાત્મક જીવનનો આઠવર્ષનો—અન્નવિનાનો ધબકતો ઈતિહાસ જ આપણને બતાવે છે કે પૂ. યોગેશ્વરજી આપણા સૌની વચ્ચે સૂક્ષ્મરૂપે હાજર છે. તેમના દૈવી સાન્નિધ્ય અને દૈવી દર્શન તેમ જ સ્પર્શનથી જ પૂ. માનું જીવન જીવંત છે. વિદેશની ધરતી ઉપર

બાળકોના સંસ્કાર સિંચન માટે પૂ. માએ આદરેલા કાર્યને આજે અંજલિ આપ્યા વગર અમે રહી શકતા નથી.

ટોરોન્ટોમાં પણ સૌ સાધક ભાઇબહેનો પૂ. માના પ્યારા બાળકોની હાજરીમાં પૂ. શ્રીની પાદુકાનું શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરી આ પર્વ ઉજવશે. પૂ. માની ગેરહાજરી અમને પણ તમારી જેમ લાગે છે. સ્વર્ગારોહણમાં સાકાર થતી કુટિયા અમારા પવિત્ર પ્રેમનું પ્રતીક છે તથા અમારી અખંડ શ્રદ્ધાનું દ્યોતક છે.

પૂ. યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સાધક ભાઇબહેનો પ્રસંગની સફળતા ઇચ્છે છે અને આયોજકોને અભિનંદે છે. પૂ. શ્રીને પ્રાર્થના કરીએ છીએ કે પૂ. માના કઠોર વ્રત, તપ, સાધનાનો પ્રકાર થઇ શીઘ્રાતીશીઘ્ર અંત લાવો. અંતમાં પૂ. મા–પ્રભુને શતપ્રણામ–શતવંદન.

"જે ચરણ હિમગીરીમાં ફર્યાં તે ચરણને વંદન હજો."

### શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી ઇંગ્લેન્ડ વતી શ્રી અંબાલાલભાઇ એમ. મિસ્રીનો સંદેશ

પૂજ્ય મા આપનાં સાન્નિધ્યમાં ધ્યાન–સાધના શિબિર તા. ૧૮–૩ થી ૨૨–૩–૯૨ સુધી અંબાજીમાં રાખવામાં આવી છે. જાણી આનંદ. ભારતમાં ઘણાં સાધક ભાઇબહેનોને તેમ જ પરદેશથી આવનાર સાધકોને પણ આ અમૂલ્ય પ્રસંગનો લાભ લેવાની ઉમદા તક મળશે. સાથે ભક્તિરસ શ્રવણપાન કરી આધ્યાત્મિક ક્ષેત્રે પોતાના આત્માના કલ્યાણ માટે પ્રગતિ સાધવા પ્રેરણા મળશે. પ. પૂ. શ્રી સદ્‌ગુરુદેવની અમીમય કૃપાથી અને જ્યાં આપ મા સ્વરૂપે બીરાજમાન છો ત્યાં શિબિરનાં દરેક કાર્યો



અતિ સરળતાથી અને આનંદમાં પરિપૂર્ણ બનો એજ મા ભગવતી શ્રીજગદંબાને નમ્ર પ્રાર્થના તેમ જ અંતરની શુભેચ્છા.

### શ્રી ગુલાબબેન ભક્ત, મેમ્ફીસ અમેરિકાનો સંદેશ

આધ્યાત્મિક જગતમાં જન્મ આપનાર મા–પ્રભુના આપણે ખૂબ ઋણી છીએ. એમનું જીવન જ સદા પ્રેરણા આપનારું છે. માયાના બંધનથી સદા મુક્ત, મા–પ્રભુ સૌને મુક્ત કરવા માટે જ પ્રકટયાં છે. શુભ–નિશુંભ, ચંડ–મુંડ, મહિષાસુર વગેરે અસુરોનો નાશ કરવા માટે આદ્યશક્તિ મા વિધ વિધ રૂપે પ્રગટયાં હતાં. પ્રગટીને અલ્પ સમયમાં અદૃશ્ય થયાં હતાં. પ્રભુની પ્રેમભરી પ્રાર્થના અને તપશ્ચર્યાના ફળસ્વરૂપે (આદ્યશક્તિનું સાકાર સ્વરૂપ) મા સર્વેશ્વરી રૂપે પ્રગટયાં છે. અને માનવ મનની આસુરી વૃત્તિને શાંત કરવા માટે તપ, શક્તિ, દયા, પ્રેમ, કરુણા, શાંતિ, સંતોષ, ક્ષમા, સત્ય, અહીંસા, આનંદ....એમનાં શસ્ત્રો છે. એ શસ્ત્રોથી માનવ મનને જીતી વિજય મેળવે છે. સૌ પ્રેમથી માના શરણે જાય છે (આવું જ આપણે અનુભવીએ છીએ. આપણે સૌ મા–પ્રભુના પ્રેમથી જ આકર્ષાઇને એમનાં શરણે ગયા છીએ. સંસારનો પરીવર્તન પામતો પ્રેમ–ઘડીક ભરતી તો વળી ઘડીક ઓટ પામતો પ્રેમ સંસારીઓમાં જોવા મળે છે. વ્હાલા મા–પ્રભુ પ્રેમસ્વરૂપ હોય એમનો પ્રેમ સનાતન છે. સદા પ્રેમની વર્ષા નિસ્વાર્થભાવે દરેક જીવ પર વરસ્યા જ કરે છે. ગુરુનું સાચું ધન આદર્શ અને અખંડ શ્રદ્ધાભક્તિ ધરાવતો શિષ્ય છે. ગુરુનું ધન પણ એ જ છે. જે ગુરુનું નામ રોશન કરે. પ્રભુ અને મા એક જ છે. આપણે પણ એવા બનવા પુરુષાર્થ કરીએ.

**સ્વામી શ્રી પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ,**
**રાજકોટ તરફથી શ્રી નરહરપ્રસાદ જોષીપુરાનો સંદેશ**

નરસિંહ મહેતાએ ગાયું છે—

તારા દાસના દાસની નિત્ય સંગત વિના,
ભ્રષ્ટ થાય ભૂધરા મન મારું,
દુષ્ટની સંગતે દુષ્ટ મતિ ઉપજે,
શ્રવણ—કીર્તન નવ થાય તારું.

પરમ પૂજ્ય મા સર્વેશ્વરીજીના ચરણકમળોમાં પ્રણિપાત એમના તથા સદ્‌ગુરુદેવ પરમ પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીના આશીર્વાદથી—

'અબકી બાર પાર કરો, નંદકે દુલારે.'

**શ્રી અતિસુખલાલભાઈ શેઠ, સુરત**

પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં આ ધ્યાન—સાધના શિબિર યોજાઇ રહી છે એટલે દરેક રીતે હાજરી આપનારને પ્રેરણાદાયી અને આત્મિક પ્રગતિના માર્ગે દોરી જનારી નીવડે એવી પ્રભુને પ્રાર્થના છે.

મુંબઈથી શ્રી વિશ્વનાથભાઈ જાની જણાવે છે કે "પૂ. મહાત્માજીને મા જ્યોતિર્મયીના પુત્ર માનતા નહિ. તેઓ ભગવાન હતા. પૂ. શ્રી યોગેશ્વરજીની સૂક્ષ્મ શરીર ધારિણી વિશિષ્ટ શક્તિ એવી જ રીતે આજે કાર્ય કરી રહી છે. પૂ. મા તેમનું સ્વરૂપ છે. તેથી શિબિરમાં સહુ એમનો લાભ લેજો.

આ ઉપરાંત મસૂરીના શ્રી યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી ગાંધી નિવાસ સોસાયટીમાં પૂ. શ્રીના નિર્વાણ દિન નિમિત્તે એક ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.



**પ. પૂ. શ્રી યોગેશ્વરજીના**

# પુસ્તકોનું પ્રકાશન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ભક્તિભાવપૂર્ણ કલમે સને ૧૯૮૮ ના એક માસના મૌનના દિવસો દરમ્યાન પ. પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથાના આધાર પર શ્રી ગુરુલીલામૃતના કાવ્યમય ગ્રંથની રચના માત્ર ૧૨ દિવસમાં અક્ષરદેહ પામી. એનું ગાન પૂ. મા શ્રી સર્વેશ્વરી સાધકો સમક્ષ કરતાં. તો તેના શ્રવણ માત્રથી પુલકિત થઈ ઉછેલાં સાધક દંપતી શ્રી પુષ્પાબેન અને શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ તેના પ્રકાશન માટેનો પ્રસ્તાવ મૂક્યો ને તે માટેનો ખર્ચ આપવા જણાવ્યું.

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તે પ્રસ્તાવ તે સમયે સ્વીકાર્યો, પરંતુ શ્રી યોગેશ્વર લીલામૃતની કાવ્યકૃતિને સાહિત્યિક દૃષ્ટિએ મઠારવાનું કામ તેઓના જ પરિવારના ભદ્રપુરુષ શ્રી ઈશ્વરભાઈ ભક્ત પરમાર્થીને સોંપ્યું.

શ્રી પરમાર્થીએ ખૂબ ભાવ અને નિષ્ઠાથી તે કામ પૂરું કર્યું ને નમ્રભાવે જણાવ્યું કે આ કામ કરતાં તેઓને ખૂબ આંતરિક આનંદની અનુભૂતિ થતી રહી છે. જો કે સંત પુરુષના દેહાતીત દશામાં થયેલા અનુભવો તો આપણે આપણા સીમિત ઈન્દ્રિયગમ્ય જ્ઞાનથી શી રીતે સમજી શકવાના? તે માટે તો મનની ભૂમિકાથી ઉપર ઉઠવું પડે, જે પ્રભુકૃપા સિવાય શી રીતે બની શકે?

આ અંગેના પ્રસંગોચિત પ્રવચનમાં તેઓએ ઉપરની વાતો સમજાવી અને ઉમેર્યું કે પૂ. શ્રીનું જીવનદર્શન અતિ અદ્‌ભુત

લાગ્યું છે; જે બહુ ઓછા માનવોના જીવનમાં જોવા મળે છે.

આ પુસ્તકના વિમોચનનું મંગલ કાર્ય–પ્રકાશનનો પ્રસ્તાવ મૂકનાર શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીના શુભ હસ્તે જ કરાવ્યું. શિબિરના કાળ દરમ્યાન એનું પૂર્ણ પારાયણ પણ પૂ. માની દોરવણી નીચે સાધક ભાઇબહેનોએ કર્યું.

આ પ્રસંગ 'પરબડી'ની ચાર નાની પુસ્તિકાઓના સેટનું ઉદ્દઘાટન પણ કરવામાં આવ્યું. આ પરબડી પુસ્તિકાઓમાં પૂ. શ્રી યોગેશ્વરજીના 'જીવન', ભક્ત અને ભગવાન, પ્રાર્થના અને ઈશ્વરસ્મરણ તથા "ગીતાના સાર વચનોનો" સમાવેશ કરવામાં આવ્યો છે. દૈનિક જીવનમાં પણ તે ખૂબ ઉપયોગી છે.

આ આખા સેટની કિમ્મત રૂપિયા ૨૦ રાખવામાં આવી છે.

આજકાલનો વાંચક વર્ગ નાનકડું ટૂંકું વાંચન ઇચ્છે છે. એને લક્ષમાં લઇને શ્રી યોગેશ્વરજીના વિશાળ વાઙ્મયમાંથી આ પરબડી પ્રકટી છે. એમાં સાગરને ગાગરમાં સમાવવાનો નમ્ર પ્રયાસ છે.

ગુજરાત યુનિવર્સિટી તરફથી ૧૯૮૪ ના ફેબ્રુઆરીમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ પાતંજલ યોગદર્શન ઉપર જે પ્રવચનો યુનિવર્સિટી હોલમાં આપેલ, તેમને પણ ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે; અને ગુજરાત યુનિવર્સિટી તેમ જ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તે પુસ્તક પણ પ્રસિદ્ધ થઇ રહ્યું છે, તેની જાણ સાધક ભાઇબહેનોને કરવામાં આવી હતી.

આ પ્રવચનોનું મૂલ્ય એ રીતે વિશેષ છે કે પૂ. શ્રીએ પોતાની ભૌતિક વિદાય પહેલાં યોગદર્શન ઉપર આપેલાં આ છેલ્લાં પ્રવચનો છે અને તે પણ યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થાના ઉપક્રમે તે યોજાયેલાં.



અંબાજી ખાતે

# શ્રી સર્વેશ્વરી કુટિરનું ઉદ્દઘાટન

અંબાજી ખાતેના સ્વર્ગારોહણ—એટલે પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના પાછળના ભાગમાં પાકી સરસ મજાની આરસની મુખ્ય કુટિયા તૈયાર થઇ. તેનું ઉદ્દઘાટન તા. ૧૮ માર્ચ ૯૨ ના રોજ પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં કેનેડાના ટોરેન્ટો શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના મુખ્ય સંચાલક શ્રી સુરેશભાઇ શાહની પુત્રી બેન સ્મૃતિના હાથે કરવામાં આવ્યું. તો શ્રી સુરેશભાઇ પરીખ, (કેનેડા) શ્રી હર્ષદભાઇ તલાટી (કેનેડા), શ્રી ધર્મેશ મિસ્ત્રી, યોગેશ લાડ, (કેનેડા) વગેરેના હસ્તે સર્વેશ્વરી કુટિરની તકતીઓ વગેરેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

સર્વેશ્વરી કુટિરમાં જે પાંચ સ્વરૂપો પધરાવવામાં આવ્યા તેમનું શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરવામાં આવ્યું. હતું. તેમાં હરિદ્વાર અને દેહરાદૂનનાં પાંચ અને કેનેડા તથા અમેરિકાથી આવેલ અગિયાર ભાઇબહેનોએ ભાગ લીધો હતો. વિજયભાઇ પંડિતે ખૂબ પ્રેમપૂર્વક આ પૂજાવિધિ કરાવ્યો હતો.

આ કુટિયાના સર્જન પાછળના ઇતિહાસનો ખ્યાલ આપતાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ જણાવ્યું કે ૧૯૮૩ નાં પાલનપુરનાં પ્રવચનો પછી પૂ. શ્રી યોગેશ્વરજીને અંબાજી ખાતે તેઓના માતાજીની સ્મૃતિમાં એક વિશ્રામગૃહ બનાવવાનો સંકલ્પ સ્ફુર્યો. તેઓએ અહીં આ જગાની પસંદગી કરી. તેઓ પોતે આ ભૂમિ ઉપર ઊતર્યા. તેઓના ચરણસ્પર્શે આ ભૂમિ પવિત્ર બની. તે પછી પૂ.

શ્રીએ તો વિદાય લીધી, પરંતુ તેઓશ્રીના શુભ સંકલ્પને પૂર્ણ કરવા વિશ્રામગૃહના નિર્માણનું કાર્ય શરૂ થયું. તે વખતે અમે આ સ્થાન ઉપર આવી છાયા માટે નાની વૃક્ષોનાં પાદડાં ઘાસની કુટિયા બનાવી બેસતાં. આ સ્થાનમાં સતત ભગવદ્ સ્મરણ કરતાં. રામાયણ પારાયણ, વિષ્ણુ સહસ્ર પાઠ, શિવમહિમ્ન સ્તોત્ર, ચંડીપાઠ, તેમ જ ધ્યાન અને જપ થયાં કરતાં, પાછળથી આ કુટિયાનું પવિત્ર સ્થાન બેત્રણવાર રૂપાંતર પામ્યું.

પરંતુ ૧૩ નવેમ્બર ૧૯૮૮ ના રોજ અમારા (પૂ. માના) જન્મદિન નિમિત્તે અમને સુવર્ણ અલંકાર ભેટ તરીકે આપવાનું ટોરન્ટોના શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનાં ભાઈબહેનોએ વિચાર્યું. અમે તે લેવાની ના પાડી. એથી તે કેન્દ્રના શ્રી સુરેશભાઈ શાહે આ કુટિયા પાકી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો; જે અમે સ્વીકાર્યો.

સને ૧૯૮૮ નું શ્રી ટોરન્ટો ધ્યાન કેન્દ્રનું એ સ્વપ્ન પ્રભુકૃપાથી સાકાર થયું.

આ કુટિયાને તૈયાર કરવામાં કોન્ટ્રેક્ટર શ્રી કુંવરજીભાઈ, તેમ જ શ્રી હસમુખભાઈ ચોટલિયાએ જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેને પૂ. માએ બીરદાવ્યો હતો. તે ઉપરાંત કુટિયાના પાયાના પત્થર તરીકે શારીરિક અને આર્થિક રીતે ઘસાઈને શ્રી એસ. સી. મહેતા સાહેબે જે સેવા આપી છે; તે ખૂબ પ્રશસ્ય છે. તેથી કુટિયા ઉપરની ધજાનું પૂજન કરી, તેઓશ્રીના શુભ હાથે તે ચઢાવવામાં આવી હતી.

આ કુટિયામાં પાંચ સ્થાનો છે. તેઓમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી, પ. પૂ. માતાજી જ્યોતિર્મયી, મા શ્રી સર્વેશ્વરી, શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ અને શ્રી શ્રી મા શારદાના સ્વઉલ્લેખ કરી પૂ. માએ



જણાવ્યું કે તમે આ સ્થાનમાં આવો અને શાન્તિથી જરૂરથી તમને મદદરૂપ થશે. તમોને અહીંનાં પવિત્ર પરમાણુઓ શાન્તિનો અનુભવ કરાવશે. એટલે એનો લાભ લેજો.

પૂ. શ્રી યોગેશ્વરજીની કૃપાથી જ આ સર્વ કાંઈ થયું છે.

કુટિયાના ઉદ્‌ઘાટનના મંગલ પ્રસંગને સાધક ભાઈબહેનોએ શ્રી ગુરુદેવ પ્રભુના નામના તેમ જ મા શ્રી સર્વેશ્વરીના જયઘોષથી ગજવી મૂક્યો હતો. એનાથી સરસ દિવ્ય અને આનંદ ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું હતું.

સાધક ભાઈબહેનોએ આ કુટિયામાં બેસી, જપ, ધ્યાન, વંદન અને પ્રદક્ષિણાઓ કરી પોતાનો પૂજ્યભાવ પ્રદર્શિત કર્યો હતો. શિબિરની સમાપ્તિ પછી તા. ૨૨ મી માર્ચે પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં અહીં રામની અખંડ ધૂન તથા ભજન ને સત્સંગના કાર્યક્રમમાં ૨૫૦ ઉપરાંત ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કુટિયાના પ્રાંગણમાં શિબિરના સવારના કાર્યક્રમની ધ્યાન બેઠકો પણ રોજરોજ યોજવામાં આવતી.

*** સદ્‌ભાવભરી સહાય ***

માર્ચ ૧૯૯૨ ના અંત સુધીમાં આવેલ અધ્યાત્મની કુલ સહાયની રકમ રૂા. ૧૫૩૯૯–૦૦ થાય છે. જેમાં, પનામાના રૂા. ૯૧૫૨–૦૦ ની ભેટનો સમાવેશ થયેલ છે.

—તંત્રી

# પાથેય

શ્રીગોરધનભાઈ કલોલા

પરમ પુરુષોનું પ્રાકટ્ય આ પૃથ્વીપર માનવમાત્રને પ્રેરણાના પિયૂષ પાવા માટે થતું હોય છે. માનવમાત્રને ઢંઢોળે છે, જાગૃત કરે છે અને દિવ્યતાને પંથે વાળે છે. માનવ જન્મના હેતુને સમજાવી, ભૌતિકતાની કેદમાંથી છોડાવીને આધ્યાત્મિકતા પ્રતિ અગ્રેસર કરે છે. પ્રથમ પોતે પ્રભુપંથે ચાલીને પછી બીજાને રાહ ચીંધે છે.

પૂ. યોગેશ્વરજી પણ આવી પરમપુરુષોની પરંપરામાંના એક હતા. ઈશત્વ તેમના વ્યક્તિત્વમાંથી સહજ ઉપસી આવતું. તેમના નિર્મળ જીવન વ્યવહારોમાંથી સાત્ત્વિકતાની સુગંધ નિરંતર પ્રકટયા કરતી. અંતરની પવિત્રતાની છાપ એમના વર્તનમાં બરાબર ઊઠી આવતી. પ્રબુદ્ધ અવસ્થાને પામેલા તેમના જીવન-માંથી નાનાં નાનાં લીલાપ્રસંગોમાં પણ પૂર્ણતાનાં દર્શન થતાં. મધુરતા જાણે એમનું બીજું નામ હતું! અખંડ માધુર્ય એ રસ-નિધિમાંથી વરસ્યા કરતું! માધુર્યપૂર્ણ જીવન વ્યવહારમાં એ પૂર્ણત્વ બરાબર પ્રકાશી ઊઠતું! આ પ્રસંગો નથી પણ તેમના જીવન વ્યવહારની પૂર્ણતા છે, એ પૂર્ણતાના દર્શન પામી ધન્ય બનીએ.

અંબાજીના પવિત્ર તીર્થસ્થાનમાં તેઓ બિરાજતા હતા. સાથે પૂ. મા પણ હતાં. એક વખત તેઓ પોતાના ઉતારા પર જવા માટે સીડીનાં પગથિયાં ચડતા હતા, સાથે એક છોકરો પણ પગથિયાં ચડતો હતો, તેણે ચંપલ પહેરેલાં એટલે પગથિયાં ચડતી વખતે



એવી રીતે ચાલે કે દરેક પગથિયાં ઉપર ચંપલથી ચાલવાને લીધે પટ પટ એમ ખૂબ મોટો અવાજ આવે. પૂ. યોગેશ્વરજીએ છોકરાની મોટા અવાજ સાથે પગથિયા ચડવાની આ રીત જોઈ. તેમણે એ છોકરાને અત્યંત મધુરતાથી કહ્યું, "જો ભાઈ, ચંપલ પહેર્યાં છતાં આમ અવાજ કર્યા વિના પણ ચાલી શકાય." પછી તેમણે પહેરેલા ચંપલે બિલ્કુલ અવાજ કર્યા વિના પગથિયાં ચડી બતાવ્યાં, પછી કહે "હવે તમે આ રીતે અવાજ કર્યા વિના પગથિયાં ચડો જોઈએ!" છોકરાએ તેમ કરી બતાવ્યું એટલે તેઓ ખૂબ પ્રસન્ન થયા. અવાજ વગર પગથિયાં ચડવાનો પાઠ પણ તેમણે કોઈ યૌગિક ક્રિયાની જેમ ગંભીરતાથી શીખવ્યો.

કેટલો સરસ પદાર્થપાઠ અને એ પણ એવી તો મધુરતાથી શીખવ્યો કે જાણે સ્વાતિ નક્ષત્રમાં અંતરછીપમાં ઝીલાયેલું મોતી! મહાપુરુષોના માધુર્યવર્ષા સીધી અંતરમાંજ ઝીલાય, તે આનું નામ! પાઠ શીખવામાટે આશ્રમનું મોહક વાતાવરણ કે ગુરુ શિષ્યની વિદ્યા આદાનપ્રદાનની વિધિની અહીં કોઈ જરૂર નથી. એમના ઉદાત્ત જીવન વ્યવહારોમાંથી વિદ્યાધારાઓ સતત સહજ વહ્યા કરે અને આસપાસ રહેલા ભીંજાયા કરે.

પૂ. શ્રીનું સદ્‌વર્તન જાણે બોલતું હતું કે કંઈ પણ અવાજ કર્યા વિનાં આ જીવન જીવી શકાય! પાસે સૂતેલાને ખબર પણ શું પડે કે અંતરમાં આખી રાત અવિરામ યુદ્ધના કેવા પડઘમ વાગે છે! ભીષણ સાધના પણ ચુપચાપ! આણુએ પ્રભુને પ્રકટાવ્યા છતાં જીવન વ્યવહાર એટલો જ ચૂપચાપ અને વિદાય પણ એટલી જ ચૂપચાપ! એક ભવ્યજીવનનો ક્યારે ઉદય થયો ને ક્યારે અસ્ત થયો તે જાણે કંઈ ખબર જ ન પડી! સ્થૂળ પગથિયાં ચૂપચાપ ચડયા તેમાં જીવન વિકાસનાં સોપાનો કેવાં ચૂપચાપ રીતે સર

કર્યાં હતાં તેનો પડઘો જ હતો!

શાંતિથી ચૂપચાપ પગથિયાં ચડીને તેમણે એમ પણ સમજાવ્યું કે આપણા જીવન વ્યવહારોથી બીજાને ખલેલરૂપ ન થવાય. આપણું ઘર, આપણા પાડોશી અને આપણી આસપાસ રહેલા જનસમાજ ને આપણા બેહુદી વર્તનથી ત્રાસરૂપ ન થવાય! આપણો વ્યવહાર જાગૃતિપૂર્વકનો હોવો જોઈએ જે બીજાને માટે આનંદપ્રદ અને ઉપયોગી હોય. જીવનમાં એવી રીતે ચાલીએ કે જેથી આપણા ખળભળાટથી બીજા ખળભળી ન ઊઠે! મધુર વર્તનનું માધુર્ય કેવું હોય તે તેમણે પ્રત્યક્ષપણે પ્રકટાવી અંતરમાં ઉતારી દીધું!

મહાપુરુષોના વિવિધ જીવનપાસાંઓનું ગમે તે રીતે દર્શન કરો તો પણ તે એટલું જ મધુમય અને ઉત્કૃષ્ટ લાગે. વિહાર ગમે ત્યાં હોય પણ એ વ્યવહારમાંથી ઉત્તમ જીવનદર્શનની ઝાંખી નિરંતર થયાં કરે.

સકલ સિદ્ધિઓના સ્વામી હોવા છતાં પૂ. યોગેશ્વરજીનો જીવન વ્યવહાર તદ્દન સાલસ હતો. તદ્દન સામાન્ય લાગતા જીવન વ્યવહારો પણ તેમના ઈશસામર્થ્યના ઔદાર્યથી ભર્યા ભર્યા લાગતા. પૂ. યોગેશ્વરજી જેવા પરમ પુરુષને જાગૃતિ તો શું રાખવાની હોય? જાગૃતિ તો તેમના વ્યક્તિત્વનું અભિન્ન અંગ હતી! આને લીધે જ તેમના સામાન્ય લાગતા જીવનવ્યવહારો અલૌકિક લાગતા! આપણને તો તેનો વિચાર સુદ્ધાં ન આવે તે આ પગથિયાં ચડવાની કલા પણ શું અલૌકિક નથી લાગતી? આપણને સાચી જીવનદૃષ્ટિ સાંપડે તો પરમ પુરુષોના દરેક જીવન વ્યવહારો સિદ્ધિઓથી લચી પડતા લાગે! સિદ્ધિઓની સમૃદ્ધિ હોય ત્યાંજ આવું સરસ રસમાધુર્ય, સીડી ચડવાના સામાન્ય



લાગતા વ્યવહારમાં પણ ટપક્યાં કરે! તેમના સામાન્ય વ્યવહારો પણ અલૌકિક લાગે અને અલૌકિક વ્યવહારો પણ સાવ સરળ લાગે! એવા અલૌકિક વ્યવહારની સરળતા પણ માણીએ!

પૂ. યોગેશ્વરજી કેટલાક યાત્રિકો સાથે ગંગોત્રીની યાત્રાએ જઈ રહ્યા છે. સાથે પૂ. મા પણ છે. રસ્તામાં ઉત્તરકાશીમાં રાતવાસો કર્યો છે. અમે જે રેસ્ટહાઉસમાં ઉતર્યા હતા ત્યાં ગંગોત્રીથી પોતાની એમ્બેસેડર મોટરમાં યાત્રા કરીને આવેલા એક ભાઈ પણ ઊતર્યા હતા. તેમની મુલાકાતમાં ગંગોત્રીની યાત્રા વિષે વાતો થઈ. તેમણે પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું "હમણાં જ ત્યાં વરસાદ પડયો છે. તેથી ભેખડો ધસવાને લીધે રસ્તાઓ બંધ થઈ ગયા છે. મારી મોટર તેમાં ફસાઈ ગઈ હતી. એટલે મારે ખૂબ જ પરેશાન થવું પડયું છે." પછી પોતાની મોટર અને કપડાંના કેવા હાલ થયા છે તે અમને બતાવ્યા. તેમણે અમને ખૂબ જ ભારપૂર્વક કહ્યું કે કોઈપણ સંજોગોમાં તમે અત્યારે જતા નહિ. તેમને જે મુશ્કેલીઓ સહન કરવી પડી હતી તે ખરા દિલથી સમજાવ્યું અને આગળ યાત્રા યોજવાની કોઈપણ સંજોગોમાં ના પાડી. અમે તો તેમની વાત સાંભળી ગભરાઈ ઊઠયા. આગળ યાત્રા થશે કે અહીં અટવાઈ જવું પડશે તેની વિમાસણમાં અમે મૂકાઈ ગયા! સામે જ પડેલી અમારી ફીઆટ મોટરને જોઈ તેઓ બોલ્યા કે ગંગોત્રીની યાત્રામાં ફીઆટ ગાડી ચાલે જ નહીં, અને અત્યારના ખરાબ સંજોગોમાં તો ફીઆટમાં યાત્રા કરવી તે સામેથી મુશ્કેલીઓને નોંતરવા જેવું છે. તેમના મુખના ભાવો જોતાં એમ લાગતું હતું કે અમારા પ્રત્યે ઊંડી સહાનુભૂતિ બતાવી તે ગંગોત્રીની યાત્રા અત્યારના સંજોગોમાં ન કરવા માટે ભારપૂર્વક સમજાવી રહ્યા હતા!

અમે સૌ પૂ. યોગેશ્વરજી જેવા સમર્થ પુરુષની છત્રછાયામાં યાત્રા કરતા હતા એટલે અમે નિશ્ચિંત હતા! આ પહેલાંની કેટલીક યાત્રાઓમાં પણ તેમના પરમ સાન્નિધ્યની અલૌકિકતા માણી હતી. કેટલાંય વિઘ્નોમાંથી એમની દિવ્યશક્તિએ અમને ઊગાર્યા હતા, અને અચાનક ઊભી થયેલી કલ્પનાતીત મુશ્કેલીઓમાંથી સરળતાથી રસ્તો કરી પાર કર્યો હતો! આ અનુભવ છતાં અમે આજે પેલા ભાઇના પ્રત્યક્ષ અનુભવથી આવી પડનારી રસ્તાની મુશ્કેલીઓથી ભારે મુંઝવણમાં મુકાઇ ગયા હતા! અમે જાણતા હતા કે પૂ. યોગેશ્વરજી હમેશાં પોતાના અગાઉથી નક્કી થયેલાં કાર્યક્રમ પ્રમાણે જ ચાલતા એટલે અમે તેમને આવી પડનારી રસ્તાની મુશ્કેલીઓ વિષે કંઇ વાત ન કરી! સાંજે પ્રાર્થનાસભા મળી. ત્યારે તેઓએ આવતી કાલે સાત વાગ્યે પ્રસ્થાન કરીશું તેમ કહ્યું.

બીજે દિવસે સવારે સાત વાગ્યે યાત્રા આગળ ચાલી, પરંતુ અમારા મનની ફડકે અમને યાત્રાનો આનંદ માણવા ન દીધો. અમે સતત ચિંતાતુર હતા કે હમણાં પેલો ભેખડ ધસી પડેલો રસ્તો આવશે અને આપણી યાત્રા અટકી પડશે! અમારી નજર સતત રસ્તા પર જ હતી, ત્યાં જ અમારી ગાડી ધીમી પડી. રસ્તાપર નજર કરી તો મીલીટરીના માણસો રસ્તો રીપેર કરી એક બાજુ ઊભા હતા. તેમણે અમને કહ્યું કે આગળ ચાલો રસ્તો રીપેર થઇ ગયો છે! એ રીપેર થયેલા રસ્તા પરથી પહેલી જ ગાડી અમારી પસાર થઇ. પછી અમે બાજુપર થોડીવાર આરામ માટે ઊભા રહ્યા, ત્યારે અમે પૂ. માને કહ્યું કે આ ખરાબ રસ્તાની ચેતવણી પેલા ભાઇએ અમને ઉત્તરકાશીમાં આપેલી અને યાત્રા



આગળ ન કરવા ભારપૂર્વક કહ્યું હતું. પૂ. માએ તુરત જ પોતાની ડાયરી અમને વંચાવી, એમાં યાત્રાએ ઉપડતાં પહેલાં પરમાત્માની પરમશક્તિએ આપેલ આદેશ આ પ્રમાણે હતો "આપણે સાત વાગ્યે નીકળીશું, રસ્તામાં કોઇ મુશ્કેલી નહીં પડે, ફીઆટ કારમાં જ સારી રીતે યાત્રા થઇ શકશે." પરમશક્તિની પરમકૃપા પામી અમે સૌ પરમ આશ્ચર્યમાં ડૂબી ગયા!

પૂ. યોગેશ્વરજી જેવા પરમપુરુષની અલૌકિક શક્તિનો આ પ્રત્યક્ષ અનુભવ! એ દિવ્યશક્તિએ આ મુશ્કેલીમાંથી જે રીતે રસ્તો કાઢયો હતો તે બુદ્ધિથી પર હતો. પરમાત્માની દૈવીશક્તિનો આ પ્રત્યક્ષ પુરાવો હતો! રસ્તો ખરાબ હતો તે પેલાભાઇની વાત તદ્દન સાચી હતી, અને તે ખરાબ રસ્તો સમયસર સારો થઇ ગયો હતો તે પણ તદ્દન સાચું હતું! સમર્થ શક્તિ માટે કોઇ કામ અશક્ય નથી. પૂ. યોગેશ્વરજીનો જીવનક્રમ ઈશ્વરી પ્રેરણા પ્રમાણે ચાલતો, તે પ્રમાણે આ ગંગોત્રી યાત્રા પણ એ દિવ્યશક્તિની સંમતિ મુજબ ચાલતી હતી એટલે યાત્રાનું સર્વ સંચાલન એ દૈવી હાથોમાં સલામત હતું. સાત વાગ્યે ઉત્તરકાશીથી પ્રસ્થાનનો સમય એટલો તો ચોકકસ હતો કે અમે જ્યારે ભેખડ ધસી પડેલા રસ્તા પાસે પહોંચ્યા ત્યારે અમારી પહેલી જ મોટર એ મરામત થયેલા રસ્તા ઉપરથી પસાર થઇ! જે દિવ્ય શક્તિએ બાજી સંભાળી હતી તે જ શક્તિએ બરાબર સમયસર રસ્તો તૈયાર પણ કરાવ્યો હતો.

ઈશ્વરી સામર્થ્યથી મંડિત હોવા છતાં તેઓ એ સામર્થ્યના ભારથી તદ્દન અલિપ્ત હતા! એમનો જીવન વ્યવહાર એટલો તો સરળ, સ્વચ્છ અને પવિત્ર હતો કે તેમાં ક્યાંય ઈશસામર્થ્યની વિશેષતાનો ઓછાયો પણ દેખાતો નહીં! ત્રિકાળજ્ઞ હોવા છતાં તે જ્ઞાનભાર એ મુખમંડળપર વર્તાતો નહીં. સમગ્ર ઐશ્વર્યના સ્વામી

હોવા છતાં પોતે જાણે કંઇ જ નથી એમ રહેવું એ કેટલું અઘરું છે? તરવાનું સામર્થ્ય હોવા છતાં સાવ તૃણવત્ વહી જવું એ અહંની અસ્મિતાનો અસ્ત નહીં તો બીજું શું?

મહાપુરુષોના સામાન્ય લાગતા જીવનપ્રસંગોમાં પણ જીવન પાથેય ભરપૂર ભરેલું હોય છે. અહીં પગથિયાં ચડવાના સામાન્ય પ્રસંગમાં પણ તેમનાં અલૌકિક અદ્ભુત પરિપૂર્ણ જીવનની છાપ ઊઠે છે. અને ગંગોત્રી યાત્રાના અલૌકિક પ્રસંગમાં તેમના અહંશૂન્ય સરળ સ્વભાવનું સહજદર્શન થાય છે. આપણે આપણા જીવનપથ માટેનું પાથેય એ મહાપુરુષના જીવન નિધિમાંથી બાંધી લઇએ. જીવનનો આંતરિક વિકાસ ચૂપચાપ કરીએ અને બાહ્ય-જીવનમાં પણ એવું તો ચૂપચાપ જીવીએ કે તે જીવનચાલમાં ક્યાંય બીજાનું ધ્યાન ખેંચાય નહીં. આ પ્રભુપંથની દિવ્યયાત્રા કરતાં કરતાં ક્યારેક જો દૈવી સિદ્ધિઓનો સાથ મળી જાય તો એ સિદ્ધિઓની સમર્થતાવડે જીવનમાર્ગમાં આડે પડેલી ભેખડોને દૂર હટાવવાનું બળ મેળવી જીવનરસ્તાને સરળ બનાવીને પરમ-ધામની મંઝીલે સતત ચાલતા રહીએ. પરમપુરુષના સથવારે જીવન સાર્થક્ય પામી લઇએ. પૂ. યોગેશ્વરજીના આજના નવમા લીલાસંવરણના પુણ્યમય પુનિત પ્રસંગે એ પ્રેરણા પરબની અમૃત ઘૂંટને આસ્વાદી કૃતકૃત્ય બનીએ.

કેવી પ્રેરણાની માળા એણે મુજને ધરી!
દોર્યો મુજને જનની જેમ જતને વળી;
એને કાજે હૈયું હેત એનું સઘળું તજો!
કુણા કાળજાની કોરે એનું આસન થજો!
એવા ગુરુને પદ મારી પ્રીતિ હજો!



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરીના શબ્દો સીતાને માટે ભારે આશ્વાસનદાયક થઇ પડયા. એના સંતપ્ત અંતરમાં થોડીક શાંતિ છવાઇ. લંકામાં એણે આવી સહાનુભૂતિથી ભરેલી સ્ત્રીનો સંબંધ થવાની આશા નહતી રાખી. એનો સંબંધ તો થયો પરંતુ એના અંતરમાં પોતાને માટે અપાર પ્રેમ પણ પેદા થયો એ કાંઇ જેવી તેવી વાત ન હતી. મંદોદરી માટે એને માન ઉત્પન્ન થયું.

ક્યાં મંદોદરી અને ક્યાં રાવણ!

બંને વચ્ચે કેટલો બધો ફેર છે?

બંને પતિપત્ની હોવા છતાં, અને આસુરી સ્વભાવવાળી લંકાપુરીમાં રહેતાં હોવા છતાં, બંનેના સ્વભાવમાં, ભાવો અને વિચારોમાં કેટલું બધું અંતર છે?

મંદોદરીને એણે મનોમન ફરીવાર ધન્યવાદ આપ્યો. ત્યાંતો મંદોદરી ફરી બોલી. 'પતિવ્રતા સ્ત્રીઓમાં તારું નામ સનાતન બનીને સુવર્ણાક્ષરે અંકિત થઇ રહેશે. સીતા! તારા જીવનમાંથી બીજાને પ્રેરણા મળશે. તું રામને પામીને ધન્ય છે ને તેવી જ રીતે રામ તને પામીને ધન્ય છે. મારી પાસે આપણા આ પ્રથમ પ્રેમયુક્ત મંગલ મિલન વખતે તને આપવા જેવું બીજું તો કશું જ નથી, પણ તને મારા અંતરના આશિષ આપતી જઉં છું. ઈશ્વર તને આ એકાંતવાસની ભયંકર યંત્રણામાંથી વહેલી તકે મુક્ત કરે અને રામનો અખંડ સહવાસ આપીને આનંદ તથા શાંતિ ધરે.'

સીતાની આંખ ભરાઇ આવી.

એણે લાગણીવશ બનતાં કહ્યું, 'મારે મન એ શુભાશિષનું મૂલ્ય ઘણું મોટું છે. એ આશિષ ફળે એવી આશા રાખું છું. એ આશિષ મને પ્રેરણા

પાશે ને સહન કરવાની વધારે ને વધારે શક્તિ આપશે. એને માટે તારી ઋણી છું. તથા તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

'રાવણ તને ગમે તેટલી ધમકી આપે કે ગમે તેટલાં પ્રલોભનો બતાવે તોપણ તું અડગ રહેશે ને તારા ધર્મને વળગી રહેશે એની મને ખાતરી છે. એ તને કશું જ નહિ કરી શકે. તારું કાંઇ પણ નહિ બગાડી શકે. જે પોતાના ધર્મમાં દૃઢ છે તેને કોઇપણ નથી ચળાવી શકતું. ના, કૃતાંત કાળ પણ નહિ. તારી ચિંતા તથા વ્યથામાં આજથી હું પણ સહભાગિની છું. એને મટાડવા મારાથી બનતું બધું જ કરીને છૂટીશ. તું શોક કરીને તારા શરીરને વધારે ગાળી ના નાખતી. નહિ તો મને દુઃખ થશે. મારે માટે પણ તું તારા શરીરનું ધ્યાન રાખજે.'

વિદાય થતી વખતે ત્રિજટાને મંદોદરીએ સીતાની સંભાળ રાખવાની ખાસ સૂચના આપી.

સીતા પોતાની ચિંતા તથા વ્યથાની અપિરિચિત પ્રદેશની એ સહ-ભાગિનીને ઊંડા સ્નેહપૂર્વક જોઇ રહી.

મંદોદરીને એ આખીયે રાત ઊંઘ જ ના આવી.

અને થયું કે સીતા કેટલી બધી પવિત્ર, સરળ, નિષ્કપટ ને નિખાલસ હૃદયની છે? એને રામને માટે કેટલો બધો પ્રેમભાવ છે? એને બળપૂર્વક હરી લાવીને રાવણે ભયંકર અક્ષમ્ય અપરાધ કર્યો છે; એવું એને લાગ્યા વિના રહ્યું નહિ.

એને વિચાર આવ્યો કે આવી અસાધારણ સૌંદર્યવતી સમજુ સીતા એક બાજુ અસહ્ય યંત્રણા વેઠી રહી છે ને બીજી બાજુ પોતે સુંદર સુવાસિત પર્યંક શયન કરે છે. એક બાજુ એ વિપત્તિ વેઠે છે ને બીજી બાજુ પોતે વિલાસપ્રધાન વાતાવરણમાં વસી રહી છે! એ અહર્નિશ આંસુ સારે છે અને પોતે આનંદ કરે છે! એ ઉજાગરા વેઠે છે ને પોતે શાંતિપૂર્વક સૂઇ જાય છે! એ પોકાર પાડે છે, પ્રાર્થના કરે છે, દુઃખી બને છે, ને અંતરના ઊંડાણમાંથી આક્રંદ કરે છે, અને પોતે ગીત તેમજ વાદ્યની તથા વિવિધ પ્રકારના અમોદ પ્રમોદની મહેફિલમાં સમય પસાર કરે છે.

અત્યાર સુધી સીતાનો પ્રત્યક્ષ પરિચય નહતો છતાં પણ એનું હૃદય



એને માટે કોણ જાણે કેમ પણ ઊંડી સહાનુભૂતિનો અનુભવ કરતું. હવે તો સીતાનો પ્રત્યક્ષ પરિચય થયો એટલું જ નહિ પરંતુ એના અણીશુદ્ધ અનુરાગમય અંતરનો તાગ મળ્યો, એટલે એનું હૃદય એને માટે વધારે પ્રબળ અને જુદી જ જાતની લાગણીનો અનુભવ કરવા લાગ્યું. એના સીતાને માટેના સ્નેહના સ્પંદનો પ્રબળ બન્યાં અને એની લાગણી વધી ગઇ. એની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. કેટલાય વખત સુધી એ સીતાનો વિચાર કરીને રડતી અને અશાંતિનો અનુભવ કરતી રહી.

લાગણીનો ઉદ્વેગ થોડોક શાંત થયો ત્યારે એને થયું કે સીતાને માટે બીજું થાય પણ શું? એને એની અસહ્ય વેદનામાંથી તથા વિયોગની અમંગલ અવસ્થામાંથી મુક્ત કરવાનો કોઇ ઉપાય જ ક્યાં જડે છે? રાવણનું કાળજુ એટલું બધું કઠોર છે કે પોતાની શિખામણને લક્ષમાં લઇને એને ભાગ્યે જ છોડી દે.

એ અવસ્થામાં પોતે શું કરવું એ એને ના સમજાયું. ચોતરફ આગ લાગી છે છતાં પોતે એને ઓલવી નથી શકતી એવી અસહાયતાનો અનુભવ એને થવા માંડયો. વચ્ચે વચ્ચે એણે પાસા ફેરવ્યાં અને જુદી જુદી યોજનાઓ બનાવી તો પણ એને શાંતિ ના મળી. આવું તો એને એના અત્યાર સુધીના જીવનમાં બીજા કોઇનેય માટે નહતું થયું.

રાવણે કેટલીય કન્યાઓ અને સ્ત્રીઓનાં હરણ કરેલાં. મંદોદરીએ પોતાની સ્વભાવ સહજ અનુકંપા તથા પવિત્રતાની લાગણીથી પ્રેરાઇને એનો વિરોધ જરૂર કરેલો, પરંતુ કોઇનેય માટે એના અંતરમાં આટલો બધો મમતાનો ભાવ, આટલો બધો ઉત્કટ સ્નેહ અથવા આત્મીયતાનો ભાવ નહિ થયેલો. કોઇની વેદના અથવા અસહાયતા જોઇને એનું હૃદય આટલું બધું વ્યથિત નહિ બનેલું. સીતાનો પ્રસંગ એના જીવનમાં આ પહેલો જ હતો. એની પ્રતિક્રિયા ને પીડા પણ અજોડ હતી. એનું કારણ કદાચ એ પણ હોઇ શકે કે સીતાના જેવા સંજોગોમાંથી રાવણ બીજી કોઇ યે સુકુમારીને નહતો હરી લાવ્યો, ને બીજી કોઇ સુકુમારીને આટલા બધા કરૂણ સંજોગોમાં પણ નહતું મુકાવું પડયું.

કેટલીક સ્ત્રીઓએ તો રાવણનો વિરોધ જ નહતો કર્યો, અને વિરોધ

કરનારી બીજી કેટલીક સ્ત્રીઓ અથવા સુકુમારીઓ આરંભના અમુક વિરોધ પછી એક અથવા બીજા કારણે રાવણને શરણે આવેલી અને એની પ્રીતિપાત્ર બનેલી.

એવી જ રીતે એની અભિલાષા સીતાને પોતાના રાજપ્રાસાદની શોભા બનાવવાની છે, પરંતુ સીતાનું ઘડતર એકદમ નિરાળું હોવાથી એ અભિલાષા સ્વપ્ને પણ નથી પૂરી થાય તેમ.

સીતા જેવી નખશિખ નિર્મળ નારીને મંદોદરીએ પોતાના જીવનમાં નહતી જોઈ. એટલે સીતાને માટે એના પ્રાણમાં આવો પ્રખર પ્રેમ પેદા થયો. એ પ્રેમ હવે એને જ વ્યથિત કરવા લાગ્યો. એની જ શાંતિને હરવા લાગ્યો.

એને થયું કે સીતાને માટે સ્વલ્પ સમયમાં પોતાને આટલો બધો પ્રેમભાવ થઈ ગયો છે, અને એની કરૂણ દશાને દેખીને પોતાનું અંતર આટલું બધું આક્રંદ કરી રહ્યું છે, તો પછી એની સાથે પોતાના જીવનના બહુમૂલ્ય વરસો વિતાવનાર અને એના પ્રત્યે અપાર અનુરાગ રાખનાર રામની દસા અત્યારે કેવી હસે? એમને તો સહેજ પણ શાંતિ નહિ હોય. એમની ઊંઘ તદ્દન ઉડી ગઈ હશે, જીવનનો સઘળો રસ સૂકાઈ ગયો હશે, અને પીડાના પ્રતીક બનીને એ પોતાનું જીવન કોણ જાણે કેમે કરીને પસાર કરી રહ્યા હશે! રાવણે શિકારી બનીને પોતાના જીવલેણ બાણથી પ્રેમથી ભરેલા પ્રાણવાળાં બે કોમળ પંખીને ભવિષ્યનો જરાક પણ વિચાર કર્યા વિના, એકી સાથે ઘાયલ કર્યા છે! એ કેટલું બધું મહાન પાપકર્મ છે?

સીતાના વિરહથી વ્યથિત થયેલા રામની કલ્પના છબી મંદોદરીના મનની આંખ આગળ આવીને ઉભી રહી. એ છબીને નિહાળીને એણે ભાતભાતના ભાવો અનુભવવા માંડયા. લાંબા સમય સુધી એ એવા કલ્પના જનિત ભાવો અને વિચારોમાં મશગુલ રહી.

એ ભાવો અને વિચારો એટલા બધા આનંદમય હતા કે અનિદ્રાની માઠી અસર એના પર ના થઈ.

( ક્રમશઃ )

## * આંતરિક વિકાસ આવશ્યક (ચાલુ) *

પોતાને નિત્ય મુક્ત ને શુદ્ધ આત્મસ્વરૂપ સમજીને એક નટ કે સૂત્રધારની જેમ પ્રવૃત્તિની વચ્ચે રહેવાનું છે. હા, જ્યારે તે ઈશ્વરને યોગ્ય લાગશે ત્યારે ઘડીના છઠ્ઠા ભાગમાં તે પ્રવૃત્તિને મુકાવી દેશે અને તેને જ માટે ઝૂરતા કરશે. બાકી દરેકને એવી નિવૃત્તિની જરૂર હોય જ છે એમ પણ ક્યાં છે? શું નાગ મહાશય ગૃહસ્થી ન હતા? સ્વામી વિવેકાનંદ કહે છે કે નાગ મહાશય જેવા વિરક્ત પુરુષ રામકૃષ્ણદેવના શિષ્યોમાં કોઈ ન હતા. ભગવાન રામકૃષ્ણને માટે તેમના હૃદયમાં જેવો પ્રેમ હતો તેવો પ્રેમ ભાગ્યે જ કોઈનામાં જડે. વિવેકાનંદ પણ તેમનાં દર્શને વારંવાર જતા. જે દૈવી પુરુષે "રામકૃષ્ણ કથામૃત"ની નોંધ રાખી હતી તે શ્રીમહેન્દ્રનાથ ગુપ્ત "મ" પણ ગૃહસ્થી જ હતા. તે શિક્ષક હતા. છતાં તેમનો વિકાસ તો ચાલુ જ રહ્યો. એટલે બાહ્ય અવસ્થા પર હંમેશાં વધારે જોર દેવાની જરૂર નથી. મુખ્ય વસ્તુ છે તે આંતરિક વિકાસ છે. તે જ સાધતા રહેવાની જરૂર છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * આંતરિક વિકાસ આવશ્યક *

સંસારમાં રહીને થોડીક પણ અર્થપ્રાપ્તિ માટે એક વ્યવસાયની જરૂર છે જ. સાથે સાથે ઈશ્વર સ્મરણ તથા ચિંતન–મનન પણ ક્યાં નથી થતું? સ્વાભાવિક રીતે એવું જોવામાં આવે છે કે જરાક ફૂરસદ કે નિવૃત્તિનો સમય મળે એટલે માણસ ઈશ્વર સ્મરણ કરે છે. વધારે સાચી વસ્તુ તો એ ગણાય કે ભારેમાં ભારે પ્રવૃત્તિમાં પણ તે ઈશ્વરને ન ભૂલે, તો જ તેનો આનંદ છે ને તેવા જ સ્મરણની કિંમત છે. સંસારને કે તેની પ્રવૃત્તિને મિથ્યા માનવાની જરૂર નથી. તેમ માનીને પરમ શાંતિ તથા ઈશ્વરપ્રાપ્તિને માટે દરેકે જંગલની વાટ પકડવાની પણ નથી. શું સારું ને શું ખોટું, આપણે માટે શામાં મંગલ ને શામાં અમંગલ છે તે આપણે જાણવા સમર્થ નથી. આપણું જ્ઞાન જ કેટલું સીમિત છે! જે પરમ શક્તિ આ સારી સૃષ્ટિના સૂત્રધાર રૂપે લીલા કરી રહી છે, તે જ એક સર્વના મંગલ–અમંગલને જાણે છે. તે બધાંનું મંગલ જ કરે છે. અમંગલનો દોષ તેને કેમ આપી શકાય? એટલે ઉત્તમ વાત તો એ છે કે જે પરિસ્થિતિ મળે તેમાં મંગલને જોતાં ને આનંદ લેતા શીખવું જોઈએ. આ બધી મનની તો બાજી છે.

**શ્રી યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.